RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 102* Date: 08.02.2022 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### અસદુદ્દીન ઓવૈસીના કાફલા પર થયેલા હુમલા

## ઓવૈસી હાપુડમાં કોઈ કાર્યક્રમ ન હોતો અને ન તો પ્રશાસનને તેની જાણ હતી : અમિત શાહ



,નવીદિલ્હી,તા.૭

અસદુદ્દીન ઓવૈસીના કાફલા પર થયેલા હુમલા પર ગૃહમંત્રી અમિત શાહે સોમવારે રાજયસભામાં મંત્રાલય વતી નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે ન તો ઓવૈસીનો હાપુડમાં કોઈ કાર્યક્રમ હતો અને ન તો પ્રશાસનને તે માર્ગ પરથી તેમના પ્રસ્થાન વિશે જાણ કરવામાં આવી હતી. અંતમાં અમિત શાહે કહ્યું કે તેઓ ઓવૈસીને વિનંતી કરે છે કે સરકાર દ્વારા આપવામાં આવેલી સુરક્ષા લેવામાં આવે.

ઓવૈસી પરના હુમલા પર બોલતા શાહે કહ્યું કે, ૩ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ સાંજે ૫.૩૦ વાગ્યે સાંસદ જનસંપર્ક કરીને પરત ફરી રહ્યા હતા. ત્યારબાદ ૨ અજાણ્યા શખ્સોએ તેમની કાર પર ફાયરિંગ કર્યું હતું. આ ઘટના ત્રણ સાક્ષીઓએ જોઈ હતી. આ ઘટના અંગે પીલખુવામાં એફઆઈઆર પણ નોંધવામાં આવી છે. તેની ચર્ચા થઈ રહી છે. અમિત શાહે વધુમાં કહ્યું હતુ કે, ‘ઓવૈસી ઉપર રહેલ જોખમની તપાસ કરવામાં આવી હતી અને ત્યારબાદ તેમને બુલેટપ્રૂફ વાહન અને ઢ સુરક્ષા આપવામાં આવી હતી. પરંતુ તેમની પાસેથી મળેલી મૌખિક માહિતી મુજબ ઓવૈસી એ સરકાર દ્વારા આપવામાં આવનારી સુરક્ષા સંબધિત વ્યવસ્થા સ્વીકારવાનો ઈક્રાર કરી દીધો હતો. હું ઓવૈસીને કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલી સુરક્ષા વ્યવસ્થા સ્વીકારવા વિનંતી કરું છું. કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ પાસેથી મળેલા પ્રારંભિક ઈનપુટ્સના આધારે, કેન્દ્રએ તેમને સુરક્ષા આપવાનો આદેશ આપ્યો હતો. પરંતુ ઓવૈસીએ સુરક્ષા ના લેવાના કારણે દિલ્હી અને તેલંગાણા પોલીસના તેમને સુરક્ષા આપવાના પ્રયાસો પણ સફળ થયા ના હતા.

અસદુદ્દીન ઓવૈસીએ થોડા દિવસો પહેલા પોતાના ઓફિશિયલ ટ્વિટર એકાઉન્ટ પર કારની તસવીર ટ્વીટ કરી હતી. તેમની સફેદ રંગની એસયુવી પર ગોળીબારના નિશાન હતા. જ્યારે એક ગોળી કારના ટાયરમાં વાગી હતી. આ કેસમાં બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જેમને ૧૪ દિવસની કસ્ટડીમાં મોકલી દેવાયા હતા. આ આરોપીઓમાં એકનું નામ સચિન છે. જે એક અલગ કેસમાં હત્યાના પ્રયાસના આરોપનો સામનો કરી રહ્યો છે. તે હિન્દુ સંગઠનનો સભ્ય હોવાનો દાવો કરે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઉત્તર પ્રદેશના ઘણા નેતાઓ સાથે સચિનની તસવીરો સામે આવી હતી.

પોતાના સંબોધનમાં શાહે વધુમાં કહ્યું હતું કે, તેમનો (ઓવૈસી) હાપુડમાં કોઈ કાર્યક્રમ નહોતો અને ન તો પ્રશાસનને તેની જાણ હતી. ઓવૈસી સલામત રીતે દિલ્હી પહોંચી ગયા. હાલ બંને આરોપીઓની પૂછપરછ ચાલી રહી છે. ઓવૈસીને સુરક્ષા આપવાનું કહેવામાં આવ્યું હતું. થ્રેટ એસેસ્ડ ઢ કેટેગરીની સુરક્ષા આપવામાં આવી છે. પરંતુ મૌખિક રીતે તેણે રક્ષણ લેવાનો ઈનકાર કર્યો હતો.

અસદુદ્દીન ઓવૈસી મેરઠથી જનસભા કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે હાપુડ ટોલ પ્લાઝા પર તેમની કાર પર હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ૩-૪ ગોળીઓ ચલાવવામાં આવી હતી, જેના નિશાન ઓવૈસીએ પોતે ટ્વીટ કરીને બતાવ્યા હતા. હુમલાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા હતા. બાદમાં પીલખુવા પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી હતી.

કાર પર ફાયરિંગની ઘટના બાદ કેન્દ્ર સરકારે અસદુદ્દીન ઓવૈસીને ઢ કેટેગરીની સુરક્ષા આપવાની વાત કરી હતી, પરંતુ ઓવૈસીએ સુરક્ષા લેવાની ના પાડી દીધી હતી. જો કે, AIMIM નેતા અસદુદ્દીન ઓવૈસીએ ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખવાની વાત કરી હતી. તેણે કહ્યું હતું કે પત્રમાં તે પોતાના ખર્ચે બુલેટ પ્રુફ વાહનની માંગ કરશે. ઓવૈસી પાસે હથિયાર રાખવાનું લાયસન્સ છે અને તે લાયસન્સના આધારે ગ્લોક હથિયાર રાખવાની પણ પરવાનગી માંગશે.

ઓવૈસીની કાર પર હુમલો કરનાર બંને યુવકો પહેલાથી જ પોલીસની કસ્ટડીમાં છે. પહેલા હુમલાખોરને ઓવૈસીની કારના ડ્રાઈવરે ટક્કર મારીને નીચે પાડી દીધો હતો, જેને પોલીસે સ્થળ પર પહોંચ્યા બાદ ધરપકડ કરી હતી. બીજી તરફ, બીજા આરોપીએ ગાઝિયાબાદના પોલીસ સ્ટેશન પહોંચ્યા બાદ આત્મસમર્પણ કર્યું. બંને આરોપીઓને ૧૪ દિવસની જયુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે. બંનેની ઓળખ શુભમ અને સચિન તરીકે થઈ છે.

## ઈડીના ડરથી માયાવતી ઠંડી પડી ગઈ છે, પરંતુ અખિલેશ જીતના રથ પર સવાર છે : સંજય રાઉત

,મુંબઈ,તા.૭

ઈડી અને સીબીઆઈના ડરથી માયાવતી ઠંડી પડી ગઈ છે, આવી અફવાઓ પૂરજોશમાં છે. અખિલેશ યાદવને પણ ત્રણ વર્ષ સુધી આવા જ તણાવમાં રાખવામાં આવ્યા હતા. આજે તે બહાર આવ્યો છે. ઉત્તર પ્રદેશમાં ભાજપની હાર નિશ્ચિત જણાય છે. કેન્દ્રીય તપાસ એજન્સીઓના વિરોધમાં મહારાષ્ટ્રમાં આવો જ વિસ્ફોટ થશે, તો પછી ભાજપ શું કરશે?” આ લખ્યું છે શિવસેનાના સાંસદ સંજય રાઉતે. શિવસેનાના મુખપત્ર ‘સામના’માં આજે સંજય રાઉતે પોતાના લેખ ‘રોકઠોક’માં ભાજપ પર પ્રહારો ચાલુ રાખ્યા છે. રાઉતે લખ્યું છે કે, ‘ભાજપના નેતાઓ તેમના પ્રચાર પ્રવાસ દરમિયાન કહેતા હતા કે જ્યારે અખિલેશ યાદવ અને મુલાયમ સિંહ યાદવ મુખ્યમંત્રી હતા ત્યારે આઝમ ખાન, અતીક અહેમદ, મુખ્તાર અંસારી તેમની સાથે જોવા મળતા હતા. પણ હવે તમે તેમને યોગીના શાસનમાં જોયા? પરંતુ એ જ ભાજપે ગોવામાં એવા લોકોને ઉમેદવારી આપી છે, જેમનાથી આ લોકો પણ પાછળ છે.

સંજય રાઉતે ગોવાની રાજધાની પણજીમાં ભાજપ દ્વારા બાબુશ મોન્સેરાતના નામાંકન પર સવાલ ઉઠાવ્યા છે. બાબુશ મોન્સેરાતના નામાંકનને કારણે ભાજપે દિવંગત બીજેપી નેતા અને પૂર્વ રક્ષા મંત્રી મનોહર પર્રિકરના પુત્ર ઉત્પલ પર્રિકરને ટિકિટ આપી નથી. હવે તેઓ અપક્ષ તરીકે ચૂંટણી લડી રહ્યા છે. શિવસેના તેમને સમર્થન આપી રહી છે. સંજય રાઉતે પોતાના લેખમાં દાવો કર્યો છે કે ભાજપના ઉમેદવાર બાબુશ મોન્સેરાત પર બળાત્કાર સહિતના તમામ ગુનાઓની ડિગ્રી છે.

સંજય રાઉતે પોતાની કોલમમાં લખ્યું છે કે, ‘નેતાઓ કેન્દ્રીય તપાસ એજન્સીઓના ડરથી ઘરે બેસી જશે, પરંતુ તેઓ તમારા (ભાજપ) વિરુદ્ધ જનતાના ગુસ્સાને કેવી રીતે રોકશે? અખિલેશ યાદવ ઉત્તર પ્રદેશમાં ૨૦૦થી વધુ બેઠકો જીતશે. વર્ષ ૨૦૨૪માં આ જ ચિત્ર મહારાષ્ટ્રમાં પણ જોવા મળશે. ઈડી, સીબીઆઈ દ્વારા બદલાની કાર્યવાહી ભાજપને જીત અપાવી શકશે નહી. ગોવામાં બીજેપી ફરી નહીં આવે અને ઉત્તર પ્રદેશમાં અખિલેશ યાદવનો વિજય રથ આગળ વધી રહ્યો છે. રૉ અને સીબીઆઈ ઈન્દિરા ગાંધીને હારમાંથી બચાવી શક્યા નથી.

## એનએસયુના કાર્યકરે જ રાહુલ ગાંધીના મોઢા પર ઝંડો માર્યો



લુધિયાણા,તા.૭

એરફોર્સ સ્ટેશન હલવારાથી લુધિયાણા તરફ હયાત રિજન્સી હોટલ જતા રાહુલ ગાંધીની ગાડી પર હર્ષિલા રિસોર્ટ સામે એક યુવકે કોંગ્રેસ પાર્ટીનો ઝંડો માર્યો, જે સીધો રાહુલ ગાંધીના મોઢા પર વાગ્યો છે. રાહુલ ગાંધીને એને કારણે ઈજા પણ થઈ હતી. કારને સુનીલ જાખડ ચલાવતા હતા અને મુખ્યમંત્રી ચરણજિત સિંહ ચન્ની અને પાર્ટી પ્રધાન નવજોત સિંહ સિદ્ધુ પાછળની સીટ પર બેઠા હતા.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, યુવાનોનું આ ગ્રુપ પાર્ટી સંગઠન એનએસયુનું હતું. આ ગ્રુપમાંથી એક યુવકે કોંગ્રેસ પાર્ટીનો ઝંડો રાહુલ ગાંધી તરફ ફેંક્યો હતો, જે તેમના મોઢા પર જઈને વાગ્યો હતો. કોંગ્રેસ પાર્ટીના કાર્યકર્તાઓ રાહુલ ગાંધીના સ્વાગતમાં ઊભા હોવાથી તેમણે કારનો કાચ પણ નીચો રાખ્યો હતો. એ દરમિયાન જ આ ઘટના બની હતી. આ ઘટના બનતાં રાહુલ ગાંધીની કાર ચલાવતા સુનીલ જાખડે સહેજ પણ બેલેન્સ ગુમાવ્યા વગર કાર લુધિયાણા તરફ લઈ લીધી હતી. જોકે પોલીસ તરફથી આ વિશે હજી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

એરફોર્સ સ્ટેશન હલવારાથી લુધિયાણા તરફ હયાત રિજન્સી હોટલ જતા રાહુલ ગાંધીની ગાડી પર હર્ષિલા રિસોર્ટ સામે કોંગ્રેસ પાર્ટીનો ઝંડો ફેંકનાર યુવકની ઓળખ એનએસયુઆઈના કાર્યકર્તા નદીમ ખાન તરીકે થઈ છે. આ ઘટનામાં પોલીસે યુવકની રાઉન્ડ અપ પૂછપરછ કરી છે. પોલીસને આપેલા નિવેદનમાં નદીમ ખાને જણાવ્યું હતું કે તેઓ રાહુલ ગાંધીની રેલીમાં જતા હતા.

રવિવારે પણ તેમની ટીમ રાહુલ ગાંધીના સ્વાગત માટે હર્ષિલા રિસોર્ટ આવી હતી. જ્યારે રાહુલ ગાંધીનો કાફલો એરફોર્સ સ્ટેશન હલવારાથી લુધિયાણા તરફ જતો હતો ત્યારે હર્ષિલા રિસોર્ટ બહાર પાર્ટી કાર્યકર્તાઓ અને તેમના સંગઠનના લોકોની ભીડને કારણે કાફલો ધીમે ચાલતો હતો. નદીમે જણાવ્યું હતું કે તે રાહુલ ગાંધીને ઝંડો આપવા માગતો હતો, પરંતુ ભીડ હોવાને કારણે તે એટલે સુધી પહોંચી શકે એમ નહોતો, તેથી તે ઝંડો ફેંકીને રાહુલ ગાંધી સુધી પહોંચાડવા માગતો હતો. આ બધું એટલું અચાનક થઈ ગયું કે તેને પણ ખબર ના પડી કે તેનાથી આ ભૂલ કેવી રીતે થઈ ગઈ.

ઝંડો ફેંકનાર એનએસયુનો કાર્યકર્તા જમ્મુ-કાશ્મીરમાં રહે છે. તેનું કહેવું છે કે, તે તેના નેતાને ઝંડો ભેટ સ્વરૂપે આપવા માંગતો હતો. અમે તેમનું સ્વાગત કરવા જ ત્યા ઉભા હતા. હું તેમને ફૂલ પણ આપવા માંગતો હતો પરંતુ ત્યારે મારા હાથમાં માત્ર ઝંડો જ હતો તેથી તે એમને આપવાનો પ્રયત્ન કરતો હતો. ઝંડો આપવાના પ્રયત્નમાં જ આ ભૂલ થઈ ગઈ. ડીએસપી દાખા જતિંદરજીત સિંહે કહ્યું કે, પૂછપરછ પછી નદીમ ખાનને છોડી દેવામાં આવ્યો છે. આ વિશે પાર્ટી તરફથી કોઈ ફરિયાદ કરવામાં આવી નથી. તેથી અંતે પોલીસે પણ એવું માન્યું છે કે, ભાવુક થઈને તેનાથી આ ભૂલ થઈ ગઈ છે. પોલીસે તેનું નિવેદન નોંધીને તેને છોડી દીધો છે. આ વિશે કોઈ કેસ દાખલ કરવામાં આવ્યો નથી.

## હવે ડોક્યુમેન્ટ વગર પણ કોરોના વેક્સિન લઈ શકાશે, કેન્દ્રની મોટી જાહેરાત

નવીદિલ્હી,તા.૭

આધાર ન હોય પરંતુ વેક્સિન લેવા માગતા લોકોને એક મોટી રાહત આપતા કેન્દ્ર સરકારે સુપ્રીમને જાણ કરી છે કે હવેથી કોરોના વેક્સિન લેવા માટે આધાર કાર્ડની કોઈ જરુર નથી એટલે કે બીજા દસ્તાવેજો રજૂ કરીને પણ કોરોના વેક્સિન લઈ શકાશે.કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે સુપ્રીમ કોર્ટને જાણ કરી છે કે પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાઈસન્સ, પાન કાર્ડ, વોટર આઈડી, રેશનકાર્ડ રજૂ કરીને કોરોના વેક્સિન લઈ શકાય છે આધાર કાર્ડની જરુર નથી.

સિદ્ધાર્થ શંકર શર્મા નામના અરજદારે સુપ્રીમમમાં અરજી કરીને કોરોના વેક્સિનેશન માટે આધાર કાર્ડના ઉપયોગનો વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું આધારની અનિવાર્યતા ખતમ કરી નાખવી જોઈએ. જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને સૂર્યાકાંતે અરજદારની આ અરજીની સુનાવણી કરી હતી. કોર્ટે કહ્યું કે ૧ ઓક્ટોબર ૨૦૨૧ના સુપ્રીમના આદેશાનુસાર કેન્દ્રીય હેલ્થ અને ફેમિલી વેલ્ફરે એક એફિડેવિટ દાખલ કરી છે જેમાં જણાવાયું છે કે કોવિન પોર્ટલ પર રજિસ્ટ્રેશન માટે આધારની જરુર નથ અને ઉપર જણાવેલા નવ દસ્તાવેજો રજૂ કરી શકાય છે.

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને એવી પણ જાણ કરી છે કે આઈડી કાર્ડ વગરના ૮૭ લાખ લોકોને વેક્સિનેટેડ કરાયા છે. આધાર કાર્ડ ન હોવાથી મારુ વેક્સિનેશન માટે રજિસ્ટ્રેશન ન શક્યું તેવી અરજદારની ફરિયાદનું પણ કેન્દ્રની એફિડેવિટમાં નિકાલ કરી દેવાયો છે.

હેલ્થ મિનિસ્ટ્રીએ પ્રિન્સિપલ સેક્રેટરીને એક લેટર લખીને સંબંધિત પ્રાઈવેટ વેક્સિનેશન સેન્ટરની સામે પગલાં ભરવાનો આદેશ આપ્યો છે. આ અરજદાર પાસે આધાર કાર્ડ નહોતું પરંતુ તેની પાસે બીજા માન્ય દસ્તાવેજો હોવા છતાં પણ તેને વેક્સિન આપવામાં નહોતી આવી આ ઘટનામાં પગલાં ભરવાનો મંત્રાલયનો આદેશ છે.

## કોરોનાનાં કેસમાં આવ્યો મોટો ઘટાડો, ૧ લાખથી નીચે કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૭

કોરોના વાયરસ રોગચાળામાંથી મુક્તિનાં દિવસો પાછા ફરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. જી હા, છેલ્લા ૨૪ કલાકમાં એક લાખથી ઓછા નવા કેસ સામે આવ્યા છે. રવિવારે કુલ ૮૩,૮૭૬ નવા સંક્રમિતોની ઓળખ કરવામાં આવી હતી. આ દરમિયાન લગભગ બે લાખ (૧,૯૯,૦૫૪) દર્દીઓ સાજા થયા અને ૮૯૫ દર્દીઓનાં મોત થયા.કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, ભારતમાં સોમવારે ૮૩,૮૭૬ નવા કેસ નોંધાયા છે, જે ગઈકાલની સરખામણીમાં ૨૨% ઓછા છે. આ સાથે, છેલ્લા ૨૪ કલાકમાં ૮૯૫ લોકોનાં મોત થયા છે અને કુલ મૃત્યુઆંક ૫,૦૨,૮૭૪ પર પહોંચી ગયો છે. ભારતમાં સક્રિય કેસલોડ ૧૧,૦૮,૯૩૮ છે. છેલ્લા ૨૪ કલાકમાં સક્રિય કેસોમાં ૧,૧૬,૦૭૩નો ઘટાડો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૧,૯૯,૦૫૪ દર્દીઓ સાજા થયા છે, જેનાથી દેશભરમાં સાજા થયેલા દર્દીઓની કુલ સંખ્યા ૪,૦૬,૬૦,૨૦૨ થઈ ગઈ છે. સૌથી વધુ કોરોનાનાં કેસવાળા પ્રથમ પાંચ રાજ્યોમાં કેરળમાં ૨૬,૭૨૯ કેસ છે, ત્યારબાદ મહારાષ્ટ્રમાં ૯,૬૬૬ કેસ છે, કર્ણાટકમાં ૮,૪૨૫ કેસ છે, તમિલનાડુમાં ૬,૧૨૦ કેસ છે અને મધ્યપ્રદેશમાં ૫,૧૭૧ કેસ છે.

નોંધાયેલા નવા કેસોમાંથી ઓછામાં ઓછા ૬૬.૯% આ પાંચ રાજ્યોનાં છે, જેમાં એકલા કેરળ નવા કેસોમાં ૩૧.૮૭% હિસ્સો ધરાવે છે. ભારતનો રિકવરી રેટ હવે ૯૬.૧૯% છે.

## અરુણાચલ પ્રદેશમાં ભૂકંપના આંચકા અનુભવાયા, રિક્ટર સ્કેલ પર ૪.૩ની તીવ્રતા

ઈટાનગર,તા.૭

અરુણાચલ પ્રદેશના પંગિનમાં ગઈકાલે રાત્રે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા અનુસાર, રાત્રે લગભગ ૧૨:૦૦ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૩ માપવામાં આવી હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ ભૂકંપની પુષ્ટિ કરી છે.

ધરતીકંપ આવવાનું મુખ્ય કારણ પૃથ્વીની અંદર પ્લેટોનું અથડામણ છે. પૃથ્વીની અંદર સાત પ્લેટ છે જે સતત ફરતી રહે છે. જયારે આ પ્લેટો કોઈ જગ્યાએ અથડાય છે, ત્યારે ફોલ્ટ લાઈન ઝોન હોય છે અને સપાટીના ખૂણાઓ વળી જાય છે. સપાટીના ખૂણાઓ વળી જવાને કારણે, ત્યાં દબાણ વધે છે અને પ્લેટો તૂટવાનું શરૂ કરે છે. આ પ્લેટો તૂટવાથી અંદરની ઉર્જા બહાર નીકળવાનો રસ્તો શોધી લે છે, જેના કારણે ધરતી ધ્રુજે છે અને આપણે તેને ભૂકંપ માનીએ છીએ.

રિક્ટર સ્કેલ પર ૨.૦ થી ઓછી તીવ્રતાવાળા ધરતીકંપોને સૂક્ષ્મ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે અને આ ભૂકંપ અનુભવાતા નથી. રિક્ટર સ્કેલ પર સૂક્ષ્મ શ્રેણીના ૮,૦૦૦ ધરતીકંપ વિશ્વભરમાં દરરોજ નોંધાય છે. એ જ રીતે, ૨.૦ થી ૨.૯ની તીવ્રતાના ધરતીકંપોને માઈનોર કેટેગરીમાં રાખવામાં આવ્યા છે. આવા ૧૦૦૦ ધરતીકંપ દરરોજ આવે છે, સામાન્ય રીતે આપણે અનુભવતા પણ નથી. એક વર્ષમાં ૪૯,૦૦૦ વખત ૩.૦ થી ૩.૯ ની તીવ્રતાના અત્યંત હળવા કેટેગરીના ધરતીકંપ નોંધાયા છે. તેઓ અનુભવાય છે પરંતુ તેમના દ્વારા ભાગ્યે જ કોઈ નુકસાન થાય છે. ૪.૦ થી ૪.૯ ની તીવ્રતાવાળા હળવા કેટેગરીના ધરતીકંપો રિક્ટર સ્કેલ પર સમગ્ર વિશ્વમાં વર્ષમાં લગભગ ૬,૨૦૦ વખત નોંધાય છે. આ આંચકા અનુભવાય છે અને ઘરની વસ્તુઓને ધ્રુજારીને જોઈ શકાય છે. જો કે, તેઓ નજીવું નુકસાન પહોંચાડે છે.

## તંત્રી સ્થાનેથી...

# લોકો માટે જીવનનિર્વાહનો ખર્ચ સમગ્ર વિશ્વમાં વધ્યો છે

*વિશ્વમાં જીવનનિર્વાહનો ખર્ચ ઝડપથી વધી રહ્યો છે. વૈશ્વિક ફુગાવાનો દર ૨૦૦૮ પછી સૌથી વધુ છે. મહામારી દરમિયાન રોજિંદી વપરાશની ચીજવસ્તુઓના ભાવમાં ઉછાળો આવ્યો હતો. ગયા વર્ષે લોકડાઉન દરમિયાન ઘરમાં અટવાયેલા લોકોએ રેસ્ટોરાં કે રજાઓ ગાળવા બહાર ન જવાતાં ઘરેલુ સામાન અને ઘર-સુધારણાઓ પર ભાર મૂક્યો. એશિયામાં કોરોના-પ્રતિબંધોને કારણે ઘણા ઉત્પાદકોને 'શટડાઉન'નો સામનો કરવો પડયો હતો, જેને પગલે માગ અને પુરવઠાને જાળવી રાખવા માટે સંઘર્ષ ચાલ્યો, જે હજુ પણ ચાલુ છે. 'શટડાઉન'ના કારણે પ્લાસ્ટિક, કૉંક્રિટ અને સ્ટીલ જેવી સામગ્રીની અછત સર્જાઈ છે, જેના કારણે કિંમતોમાં વધારો થયો. વિશ્વભરમાં માલસામાનની હેરફેર કરતી વૈશ્વિક શિપિંગ કંપનીઓ મહામારી પછી વધેલી માંગને પહોંચી વળવા અસમર્થ બની છે. તેનો અર્થ એ છે કે રિટેલરોને તે માલ સ્ટોર્સમાં લાવવા માટે ઘણી વધુ ચૂકવણી કરવી પડે છે. પરિણામે, ભાવવધારાનો બોજ ગ્રાહકો ઉપર આવે છે. એશિયાથી યુરોપમાં ૪૦ ફૂટનું એક કન્ટેનર મોકલવા માટે હાલમાં લગભગ ૧૭,૦૦૦ ડોલરનો ખર્ચ થાય છે, જે અગાઉના વર્ષ કરતાં ૧૦ ગણો વધુ છે. સાથે જ હવાઈ ભાડામાં વધારો થયો છે અને યુરોપમાં લોરી ડ્રાઇવરની અછતને કારણે સ્થિતિ વધુ વણસી છે. યુએસ તેનાં બંદરો પર રેકોર્ડ ભીડની સ્થિતિ સર્જાઈ છે જે ડિસેમ્બરમાં હળવી થતી દેખાઈ છે.*

*યુકેમાં વર્ષ ૨૦૨૧માં લાકડાની કિંમત સામાન્ય કરતાં ૮૦ ટકા જેટલી વધી ગઈ હતી અને યુએસમાં તેની કિંમત સામાન્ય કરતાં બમણી થઈ ગઈ હતી. આમાં મુખ્ય યુએસ રિટેલર્સ 'નાઇકી' અને 'કોસ્ટકો'એ સપ્લાય ચેઇનના ભારે ખર્ચને પગલે ભાવમાં વધારો કર્યો છે. મહામારીની શરૂઆતમાં પેટ્રોલના ભાવમાં ઘટાડો નોંધાયો હતો, પરંતુ એ બાદથી માગમાં વધારો જ થયો છે અને એ વધીને સાત વર્ષની ટોચ પર પહોંચ્યી ગયો છે. યુએસમાં હાલમાં ગેસોલિનની સરેરાશ કિંમત ૩.૩૧ ડોલર પ્રતિ ગેલન છે - જે એક વર્ષ અગાઉ ૨.૩૯ ડોલર હતી. યુરોપમાં પણ આ જ સ્થિતિ છે. ગેસના ભાવમાં પણ વધારો થયો છે, જેના કારણે યુરોપ-અમેરિકામાં સામાન્ય લોકોને પોષાય નહીં એવાં સેન્ટ્રલ હિટિંગ બિલ આવી રહ્યાં છે. ગત વર્ષે યુરોપમાં શિયાળામાં આકરી ઠંડી પડી અને એશિયામાંથી એને મળતાં ગેસની માગ વધી, એટલે સ્વાભાવિક રીતે જ ભાવવધારો થયો. વળી ગેસના ભંડારોમાં પણ ઘટાડો થયો. મહામારી દરમિયાન ઘણા લોકોએ કામ છોડી દીધું અથવા નોકરી બદલી નાખી હતી. યુએસમાં, એપ્રિલમાં ૪૦ લાખથી વધુ લોકોએ તેમની નોકરી છોડી દીધી જે એક રેકોર્ડ છે. પરિણામે, કંપનીઓને ડ્રાઇવરો, ફૂડ પ્રોસેસર અને રેસ્ટોરાં વેઇટર જેવા સ્ટાફની ભરતી કરવામાં સમસ્યા આવી રહી છે. ખાલી જગ્યાઓ ભરવામાં મુશ્કેલી આવી રહી છે. પરિણામે કંપનીઓને કર્મચારીઓને આકર્ષવા અને જાળવી રાખવા માટે વેતન અથવા સાઈનિંગ બોનસ ઓફર કરવું પડે છે. કર્મચારીઓ પાછળના વધારાના ખર્ચ અંતે તો ગ્રાહકોને માથે જ આવે છે. કાપડની વૈશ્વિક બ્રાન્ડ નેક્સ્ટે ૨૦૨૨ માટે આયોજિત ભાવવધારા પાછળ આંશિક રીતે વધતા વેતન ખર્ચને જવાબદાર ઠેરવ્યો છે. વિશ્વના ઘણા ભાગોમાં આત્યંતિક હવામાન ફુગાવામાં ફાળો આપે છે. મેક્સિકોના અખાતમાંથી પસાર થતા વાવાઝોડા ઇડા અને નિકોલસે યુએસ ઓઇલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન પહોંચાડવા સાથે વૈશ્વિક તેલ પુરવઠાને અસર પહોંચાડી હતી. અને ગયા વર્ષે ટેક્સાસમાં ભારે શિયાળુ વાવાઝોડાનાં પગલે મોટી ફેક્ટરીઓ બંધ થતા માઇક્રોચિપ્સની માંગને પહોંચી વળવાની સમસ્યાઓ સર્જાઈ હતી. વિશ્વના સૌથી મોટા કોફી ઉત્પાદક બ્રાઝિલમાં લગભગ એક સદીના સૌથી ગંભીર દુષ્કાળને કારણે પાક નબળો પડવાથી કોફીની કિંમતમાં પણ વધારો થયો છે.*

### એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદાના ભાવમાં વૃદ્ધિઃ ક્રૂડ તેલના ભાવમાં ઘટાડો

# બુલડેક્સ ફ્યુચર્સમાં ૪૫ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૧૪૮ પોઈન્ટની મૂવમેન્ટઃ કોટનના વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યા

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૪૦,૭૩૭ સોદાઓમાં કુલ રૂ.૧૧,૩૭૭.૨૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ફેબ્રુઆરી વાયદામાં ૪૫ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ફેબ્રુઆરી વાયદામાં ૧૪૮ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૫૦,૭૭૨ સોદાઓમાં કુલ રૂ.૨,૪૭૫.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૮,૦૧૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૮,૧૦૦ અને નીચામાં રૂ.૪૭,૯૯૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩૪ વધી રૂ.૪૮,૦૫૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૯૪ વધી રૂ.૩૮,૫૮૦ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૦ વધી રૂ.૪,૮૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૧,૩૩૭ ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૭૩૪ અને નીચામાં રૂ.૬૧,૩૩૭ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૭૮ વધી રૂ.૬૧,૫૨૭ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૬૪૬ વધી રૂ.૬૧,૮૧૬ અને ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૬૩૮ વધી રૂ.૬૧,૮૧૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં ૧૧,૨૨૬ સોદાઓમાં રૂ.૨,૧૬૬.૬૩ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૭૫ વધી રૂ.૨૪૭.૯૫ અને જસત ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૫ વધી રૂ.૩૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૩.૫૦ ઘટી રૂ.૭૫૨.૭૫ અને નિકલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૦.૪ વધી રૂ.૧,૭૫૩ તેમ જ સીસું ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ ઘટી રૂ.૧૮૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૨૯,૮૯૧ સોદાઓમાં કુલ રૂ.૨,૩૯૮.૨૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૮૬૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૯૦૧ અને નીચામાં રૂ.૬,૭૭૯ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૭૯ ઘટી રૂ.૬,૮૨૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧.૩૦ ઘટી રૂ.૩૨૯ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૭૫૨ સોદાઓમાં રૂ.૯૧.૦૫ કરોડનાં કામકાજ થયા હતા. રબર ફેબ્રુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૦૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૭,૦૫૦ અને નીચામાં રૂ.૧૭,૦૫૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૦૯ વધી રૂ.૧૭,૦૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૯૦ ઘટી રૂ.૯૭૩.૯૦ અને કોટન ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૨૫૦ ઘટી રૂ.૩૭,૩૧૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દ્રષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૫,૫૪૪ સોદાઓમાં રૂ.૯૦૮.૫૨ કરોડનાં ૧,૮૯૦.૬૦૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૪૫,૨૨૮ સોદાઓમાં કુલ રૂ.૧,૫૬૬.૬૫ કરોડનાં ૨૫૩.૬૬૧ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૪૨૨.૨૯ કરોડનાં ૧૬,૯૫૦ ટન, જસતના વાયદાઓમાં રૂ.૨૯૫.૯૯ કરોડનાં ૯,૮૭૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૬૭૮.૪૯ કરોડનાં ૮,૯૯૭.૫૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૬૯૬.૯૮ કરોડનાં ૩,૯૫૭ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૭૨.૮૮ કરોડનાં ૩,૯૫૦ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪,૩૪૩ સોદાઓમાં રૂ.૧,૪૪૪.૦૫ કરોડનાં ૨૧,૧૩,૬૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૧૫,૫૪૮ સોદાઓમાં રૂ.૯૫૪.૧૮ કરોડનાં ૨,૮૯,૧૮,૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૬૯૭ સોદાઓમાં રૂ.૮૯.૦૮ કરોડનાં ૨૩૮૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૫૧ સોદાઓમાં રૂ.૧.૯૦ કરોડનાં ૧૯.૪૪ ટન, રબરના વાયદાઓમાં ૪ સોદાઓમાં રૂ.૦.૦૭ કરોડનાં ૪ ટનના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૮૨૭.૪૭૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૫૭.૭૧૬ ટન, એલ્યુમિનિયમમાં ૧૩,૭૬૦ ટન, જસત વાયદામાં ૭,૨૮૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૯,૯૭૫ ટન, નિકલ વાયદામાં ૪,૨૧૬.૫૦૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૫,૨૩૦ ટન, ક્રૂડ તેલમાં ૧૩,૯૬,૯૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૫,૯૮,૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૮૩૮૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૩૮૮.૮ ટન, રબરમાં ૬૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૧,૭૨૬ સોદાઓમાં રૂ.૧૫૭.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૬૦૫ સોદાઓમાં રૂ.૫૦.૧૧ કરોડનાં ૭૧૨ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૮૪૩ સોદાઓમાં રૂ.૮૦.૭૩ કરોડનાં ૮૭૭ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૮૨૦ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧,૧૬૬ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૧૪,૦૪૬ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૦૯૧ અને નીચામાં ૧૪,૦૪૬ના સ્તરને સ્પર્શી, ૪૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૭૨ પોઈન્ટ વધી ૧૪,૦૭૧ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૧૮,૩૫૬ના સ્તરે ખૂલી, ૧૪૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૩૪ પોઈન્ટ વધી ૧૮,૩૬૦ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૪૬,૩૭૦ સોદાઓમાં રૂ.૪,૦૮૯.૦૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૬.૩૦ કરોડ, ચાંદીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૧.૨૪ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૯૮૮.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

# આચાર્ય લોકેશજીની આગેવાની હેઠળ જૈન સમાજે લઘુમતી મંત્રીને આવેદનપત્ર આપ્યું

### સાંસદ મહુઆ મોઈત્રાજી એ સંસદમાં ઉભા રહી જૈન સમાજની માફી માંગવી જોઈએ - આચાર્ય લોકેશજી

વિશ્વ શાંતિ દૂત જૈન આચાર્ય લોકશજીની આગેવાની હેઠળ જૈન પ્રતિનિધિ મંડળ કેન્દ્રીય લઘુમતી મંત્રી માનનીય મુખ્તાર અબ્બાસ નકવીજીને મળ્યા અને સંસદમાં સાંસદ મહુઆ મોઈત્રાજી દ્વારા જૈન સમાજની લાગણીઓને ઠેસ પહોંચાડવાના નિવેદનનો વિરોધ કર્યો અને જૈન સમાજની માફી માંગી. ગૃહ રેકર્ડમાંથી નિવેદન દૂર કરવા માંગણી કરી હતી. પ્રતિનિધિ મંડળમાં સમગ્ર જૈન સમાજ વતી વરિષ્ઠ આગેવાનો મનોજ જૈનજી , જસવંત જૈનજી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે, આવી અભદ્ર



અને બેજવાબદાર ટિપ્પણી સંસદીય આચરણ માટે વિનાશક છે જેની અમે સખત નિંદા કરીએ છીએ. આ મુદ્દે અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક જૈન આચાર્ય ડૉ.લોકેશજીએ કહ્યું કે, સારું થાત કે તેમણે ભારતીય સંસ્કૃતિ, ખાસ કરીને જૈન સમાજની ખાણી-પીણીની વિધિઓ પર અભ્?યાસ કરી લીધો હોત. ગૃહ, એ જાણીતું છે કે જૈન સમાજ આખા વિશ્વમાં શાકાહારી સમાજ તરીકે ઓળખાય છે. તેમણે કહ્યું કે, શાકાહારી હોવું એ જૈનોની ઓળખ અને ગૌરવ છે, મહુઆ મોઈત્રાજી એ જૈન યુવાનો માટે માંસાહારની નીચી વાત કરીને જૈન સમાજની ભાવનાઓ, વિચારો અને મૂલ્યોનો નાશ કરી જૈનોની નૈતિકતા પર પ્રહાર કર્યો છે, જે સહન કરી શકાય તેમ નથી. તેમણે કહ્યું કે, જૈનોને તમારી ક્ષુદ્ર રાજનીતિમાં ન ખેંચો.

આ પ્રસંગે આચાર્ય લોકેશજીના નેતૃત્વમાં આવેલા જૈન સમાજના પ્રતિનિધિ મંડળને સંબોધતા લઘુમતી મંત્રી શ્રી મુખ્તાર અબ્બાસ નકવીજી એ જણાવ્યું હતું કે, જૈન સમાજ અહિંસક, શાંતિપ્રેમી, સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં અમૂલ્ય યોગદાન આપતો સમાજ છે. દેશમાં કોઈપણ કટોકટી આવે ત્યારે જૈન સમાજે અગ્રણી ભૂમિકા ભજવી હતી. જૈન સમાજની રાજકીય લિંચિંગ ક્યારેય સ્વીકાર્ય નથી, મુખ્તાર અબ્બાસ નકવીજી એ લોકસભાના અધ્યક્ષ સાથે આ વિષયને સંસદમાં લાવવાની વાત કરી હતી.

### અમદાવાદ આર.ટી.ઓ. દ્વારા

# મોટર કારમાં GJ01-WF અને મોટર સાયકલમાં GJ01-VS ની નવી સીરીઝમાં ગોલ્ડન-સિલ્વર નંબરોનું ઈ-ઓક્શન શરુ થશે.

પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી, અમદાવાદ દ્વારા વાહનચાલકોની સગવડતા અર્થે પસંદગીનાનંબરોની ફાળવણી માટે ઑનલાઈન ઈ-ઑક્શન કરવામાં આવશે. જેમાં ભાગ લેવા ઈચ્છુકવાહનમાલિકોએ આગામી તા.૧૫ થી૧૭ફેબ્રુઆરી ૨૦૨૨ સુધીમાં ઑનલાઈન એપ્લિકેશન કરી નિયત રકમ ચૂકવવાનીરહેશે.

મોટર કારમાં GJ01-WF અને મોટર સાયકલમાંGJ01-VS ની નવી સીરીઝમાંગોલ્ડન-સિલ્વર નંબરોનું ઈ-ઑક્શન શરૂ કરવામાં આવનાર છે. આ ઈ-ઑક્શનમાં ભાગ લઈ પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતાવાહનમાલિકોએ તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરાવી http://vahan.parivahan.gov.in/fancyપર આગામી તા.૧૫ થી૧૭ફેબ્રુઆરી ૨૦૨૨ સુધીમાં ઑનલાઈન રજીસ્ટ્રેશન કરાવી બેઈઝ રકમનું પેમેન્ટ કરવાનુંરહેશે. ત્યારબાદ તા. ૧૮અને ૧૯ફેબ્રુઆરી૨૦૨૨ ના રોજ ઈ-ઑક્શનનું બિડિંગ યોજાશે.

ફેન્સી નંબર મેળવવા ઈચ્છુક અરજદારોએ http://vahan.parivahan.gov.in/fancyવેબસાઈટ પર જઈ સેલ ઈન્વોઈસની તારીખ અથવા વિમાની તારીખ એ બે માંથી જે વહેલું હશે તે તારીખથી સાત દિવસમાં અરજી કરી દેવાની રહેશે. અરજી કરેલ હોયતેવા જ અરજદારો વાહનના સેલ લેટરમાં દર્શાવેલ વેચાણ તારીખથી ૬૦ દિવસના અંદર હરાજીમાં ભાગલેવા અરજી કરી શકશે. નિયત સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે.

જો અરજદારએ હરાજીની પ્રકિયા પૂર્ણ થયાના પાંચ દિવસ સુધીમાં બીડનીરકમના નાણાં જમા કરાવવાના રહેશે. આ સમયમર્યાદામાં નાણાં ચુકવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે. અસફળ અરજદારને રીફંડ હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણાં પરત કરવાના હોવાથી જે રીતે ચૂકવાનું કર્યું હોય તે જ ર્સ્દ્મી થી અરજદારના તે જ ખાતામાં નાણાં પરત કરવામાં આવશે.



ગાંધીનગર જિલ્લા શહેર કોંગ્રેસ દ્વારા આજે સત્યાગ્રહ છાવણી ખાતે કોવિદ ન્યાય યાત્રા અંતર્ગત વિરોધ પ્રદર્શન કરી યાત્રા સ્વરૂપ માં કેક્તર કચેરી ખુલ્લા માર્ગ ઉપર કોંગ્રેસ ના ધારાસભ્યો ,કાર્યકરો,જિલ્લા શહેર પ્રમુખ,પ્રદેશ ના ડેલિગેટ,મહામંત્રી.પ્રવક્તા પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર ની આગેવાની માં કલેકટર શ્રી ને આક્રોશ સાથે આવેદન પાત્ર આપ્યું હતું..કલેકટર શ્રી દ્વારા સહકાર ના મળતા પ્રદેશ પ્રમુખ શ્રી ને શાબ્દિક બોલાચાલી થતાં ઓફિસ માં સૂત્રોચાર કલેકટર શ્રી વિરુદ્ધ બોલવામા આવ્યા હતા અને બહાર આવી ને જગદીશ ઠાકોર દ્વારા મીડિયા ને પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે અધિકારીઓ સરકાર ના દલાલ ની ભૂમિકા માં છે..અમારે કલેકટર ના પાટિયા ઉતારી સરકારી દલાલો ના પાટિયા મૂકવાનો કાર્યક્રમ ભવિષ્ય માં આપવો પડશે..જિલ્લા પ્રમુખ સુર્યાસિંહ ડાભી દ્વારા કલેકટર શ્રી ને આવેદન પાત્ર આપવામાં આવ્યું હતું.

# સંતનો સ્વભાવ

મનુષ્ય જે કંઇ કર્મ કરે છે તેના અંતઃકરણમાં તે કર્મના સંસ્કાર પડે છે અને તે સંસ્કારો અનુસાર તેનો સ્વભાવ બને છે.આ રીતે પહેલાંના અનેક જન્મોના કરેલા કર્મોના સંસ્કાર અનુસાર મનુષ્યનો જેવો સ્વભાવ હોય છે તે અનુસાર તેનામાં સત્વગુણ,રજોગુણ અને તમોગુણ આ ત્રણ ગુણોની વૃત્તિઓ ઉત્પન્ન થાય છે.બીજાઓને દુઃખી જોઇને તેઓનું દુઃખ દૂર કરવાની ભાવનાને દયા કહેવામાં આવે છે.

એક મહાત્મા નદીમાં સ્નાન કરી રહ્યા હતા.તેમને જોયું કે એક વિંછી પાણીના પ્રવાહમાં તણાઇ રહ્યો છે તેને બચાવવા માટે મહાત્માએ વિંછીને પોતાની હથેળીમાં લઇ લીધો તો વિંછીએ પોતાના સ્વભાવ અનુસાર મહાત્માને ડંખ માર્યો,જેથી હાથ હાલી જવાથી વિંછી ફરીથી પાણીના પ્રવાહમાં પડી ગયો. મહાત્માએ પુનઃ તેને ઉઠાવી લીધો ત્યારે નજીકમાં જ સ્નાન કરતા એક સજ્જને મહાત્માને કહ્યું કે આપ આમ કેમ કરો છો? વિંછી વારંવાર ડંખ મારે છે છતાં આપ તેને કેમ બચાવવાનો પ્રયાસ કરો છો? ત્યારે મહાત્માએ કહ્યું કે વિંછીનો સ્વાભાવ છે ડંખ મારવો અને મારો સ્વભાવ છે તેને બચાવવો..જ્યારે વિંછી એક તુચ્છ પ્રાણી હોવા છતાં પણ જો પોતાનો સ્વભાવ ના છોડતો હોય તો હું મનુષ્ય થઇને મારો સ્વભાવ કેમ છોડું?

જે જીવનમુક્ત મહાપુરૂષ હોય છે તેઓનો સ્વભાવ સર્વથા શુદ્ધ હોય છે એટલા માટે તેઓના પર સ્વભાવનું આધિપત્ય રહેતું નથી, એટલે કે તેઓ સ્વભાવને પરવશ થતા નથી છતાં પણ તેઓ કોઇ કાળમાં પ્રવૃત થઇને પોતાના સ્વભાવ અનુસાર જ કામ કરે છે, પરંતુ સાધારણ મનુષ્યો પ્રકૃતિને પરવશ થઇને એટલે કે તેમનો સ્વભાવ તેમને જબરજસ્તીથી કર્મમાં લગાવી દે છે.

ક્રિયા માત્ર સ્વાભાવિક રીતે જ પ્રકૃતિ દ્વારા જ થાય છે તો પણ અજ્ઞાની પુરૂષ ક્રિયાઓની સાથે પોતાનો સબંધ માનીને પોતાને તે ક્રિયાનો કર્તા માની લે છે.પદાર્થો અને ક્રિયાઓ સાથે પોતાનો સબંધ માનવાના કારણે જ રાગ દ્રેષ ઉત્પન્ન થાય છે જેનાથી જન્મ-મરણરૂપી બંધન થાય છે પરંતુ પ્રકૃતિ સાથે સબંધ ન માનવાવાળા પોતાને સદાય અકર્તા જ જુવે છે.સ્વભાવમાં મુખ્ય દોષ



વિનોદભાઈ માછી નિરંકારી

પ્રાકૃત પદાર્થોનો રાગ જ કારણભૂત છે.જ્યાં સુધી સ્વભાવમાં રાગ છે ત્યાં સુધી અશુદ્ધ કર્મો થાય છે આથી સાધકના માટે રાગ જ બંધનનું કારણ છે. આડંબરને જે મોહે એ કદી પણ જ્ઞાની ન થઇ શકે નહીં.પેન્ટ પહેરેલો માણસ પણ સંત હોય,વાળ કપવેલો માણસ પણ સંત હોય.તમે જો બહારના રૂપ જોવા નીકળ્યા હોય તો તમારા હાથમાં સાચા સંત આવશે નહી.પૈસાથી બધુ ખરીદી શકાય છે પરંતુ પ્રેમ,નમ્રતા,સહનશીલતા ખરીદી શકાતી નથી તે તો સંત મહાત્માઓના સાનિધ્યથી જ પ્રાપ્ત થાય છે.નરક એ છે કે જ્યાં બેગુનાહ લોકોની હત્યા કરવામાં આવે છે અને સ્વર્ગ એ છે કે જ્યાં સંત પરમપિતા પરમાત્માના ગુણગાન કરે છે અને આ બન્ને આ ધરતી પર જ વિધમાન છે.ભક્તિની શરૂઆત ભગવાનને જાણ્યા પછી જ થાય છે.જે સત્યનો મારગ અપનાવે છે, જગત તેની સાથે વેર કરે છે.હરિના સંતો કષ્ટ ઉઠાવીને હંમેશાં અવેર રહે છે.સ્વાર્થી લોકો પોતાના સ્વાર્થના કારણે સંતની સાથે વાદ-વિવાદ કરે છે, માર્ગ ભૂલેલા અજ્ઞાનીઓ સંતની નિંદા કરે છે પરંતુ જેની રક્ષા ભગવાન કરે છે તેનો કોઇ વાળ વાંકો કરી શકતો નથી.દેવદુર્લભ માનવ શરીર કોટિ જન્મના પુણ્યથી મળ્યો છે,કાળ-કર્મ-સ્વભાવ તથા ગુણને વશ થઇને અવિદ્યાની પ્રેરણાથી અનેક યોનિઓમાં ભટકતા જીવને પ્રભુ કૃપા કરી આ સર્વોત્તમ મનુષ્ય દેહ આપે છે,જે મોક્ષના દ્વારરૂપ છે તે પ્રાપ્ત કરીને જેઓ પોતાના પરલોકને સુધારતા નથી તે પાછળથી પસ્તાય છે અને પોતાની જ ભૂલથી થયેલ ખરાબ ફળ માટે કાળ,કર્મ કે ઇશ્વર પર મિથ્યા દોષ લગાવે છે. એક સંત મહાપુરૂષ રસ્તા ઉપર જઇ રહ્યા હતા.તેમને પાંચ બદમાશોએ પકડીને તેમની પાસેના પૈસા ઝુંટવી લીધા,ત્યારબાદ મારપીટ કરીને ભાગી ગયા.તે જ રસ્તે થઇને એક સજ્જન વ્યક્તિ પસાર થઇ રહ્યા હતા.સંતની આવી હાલત જોઇને તેમને દયા આવી ગઇ.તેઓ સંતને દવાખાને લઇ જઇ દાખલ કરી ઉપચાર કરાવ્યો.કેટલાક દિવસ પછી સંત મહાપુરૂષને હોંશ આવતાં પેલા સજ્જને પૂછ્યું કેઃ "મહારાજ.. શું આપને યાદ છે કે આપને મારપીટ કરનાર અને આપને લૂંટી લેનાર કોન હતા..?" અહી દવાખાનામાં આપને કોન લાગ્યું હતું..? તેના જવાબમાં સંત મહાપુરૂષ કહે છે કેઃ "મને પુરેપુરૂ ભાન હતું કે તમે જ મને માર મારી લૂંટી લીધો હતો અને તમે જ મને અહી દવાખાનામાં દાખલ કરી ઉપચાર કરાવ્યો હતો." પેલા સજ્જને મહાત્માને કહ્યું કેઃ મહારાજ ! આપ જરા વિચાર કરીને બોલો ! મહાત્માએ કહ્યું કેઃ હું સાચું જ કહું છું કે તમે સાક્ષાત નિર્ગુણ નિરાકાર પરમેશ્વર આ મહાનુભાવના શરીરમાં આવીને મને પૂછી રહ્યા છો ! જ્યારે મને સજા આપવી હતી તો પાંચ બદમાશોના આત્માના રૂપમાં આવીને તમે જ મને માર્યો.સજા આપ્યા પછી તમે જ વિચાર્યું કે આને જાનથી મારી નાખવો નથી એટલે આ સજ્જનના રૂપમાં આવીને મારી તમામ પ્રકારની દેખભાળ કરાવી અને તમે જ મને પૂછી રહ્યા છો.. મારી દ્રષ્ટિમાં તો જિધર દેખતા હું તૂં હી તૂં હૈ.. કહેવાનો ભાવ સંત મહાપુરૂષના હ્રદયમાં સમયના સદગુરૂ દ્વારા આપવામાં આવેલ પ્રેમ નમ્રતા સમદ્રષ્ટિરૂપી જ્ઞાનનો નકશો જેવી રીતે રેખાંકીત કર્યો હોય છે તેના અનુરૂપ જ તેમના જીવનમાં કર્મરૂપમાં રંગ ચઢ્યો હતો.ઇશ્વર સમહૃદય છે.અમારે પણ અમારા જીવનમાં સમદ્રષ્ટિનો ભાવ ઉત્પન્ન કરીને ભૌતિક તથા આધ્યાત્મિક બંન્ને સ્તર પર ઉન્નતિ કરવાની છે તથા જ્ઞાનના નકશા ઉપર અમલનો રંગ અમારા જીવનમાં ચઢાવવાનો છે. બ્રહ્મજ્ઞાની સંત મહાપુરૂષોનો સંગ કરી તેમના ઉત્તમ ગુણોનું અનુકરણ-અનુસરણ કરવું. સંતમિલન જેવું અન્ય કોઇ સુખ નથી. નિંદનીય વંદનીય ત્યારે જ બની શકે કે જ્યારે પ્રામાણિકતાથી પોતાની ભૂલો,પાપોનું સંત સમક્ષ પ્રસારણ કરે. પૈસાથી બધુ ખરીદી શકાય છે પરંતુ પ્રેમ નમ્રતા સહનશીલતા ખરીદી શકાતી નથી તે તો સંત મહાત્માઓના સાનિધ્યથી જ પ્રાપ્ત થાય છે.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




## NOG. SS. No. 0097

વિષયઃ પ્રેમ સંબંધમાં ચણતર, પ્લાસ્ટરમાં હસ્તાક્ષર
પ્રકારઃ ગદ્ય
શીર્ષક : પાનખરને ફૂટી કૂંપણ

૭૦વરસના મધુકરભાઈ ૧૫દિવસથી કાશીવિશ્વેશ્વર ના દર્શનાર્થે આવ્યા છે. મૂળ ગામ તો દક્ષિણ ગુંજ.નું અમલસાડ ગામ. સાવ ગામડું નહી. ખાસ્સું વિકસિત. મામલતદાર તરીકે નિવૃત થયા બાદ બંને દીકરા હોંગકોંગ રહેતા હોય,શિક્ષિકા પત્નીવિશાખાબેન સાથે હોંગકોંગ જ રહેતા હતા.ખુબ સરસ જીવન જીવતા હતા.અચાનક જ બ્રેઇન હેમરજથી વિશાખાબેન સાથ છોડી ગયા. મધુકરભાઈ એક વરસ પછી કાશી વિશ્વેશ્વર અને ચારધામ યાત્રાએ આવ્યા.ચાર દિવસથી કાશીમાં જુદા જુદા મંદિરોમાં દર્શન કરીને મનની શાંતિ અને સ્વસ્થતા મેળવવા પ્રયત્ન કરી રહ્યા છે.

આજે સોમવતી અમાસે સાંજે ગંગા આરતી માટે ઓવારે બેઠા છે. આરતી શરુ થવાને વાર છે. બાજુમાં એક જાજરમાન વયસ્ક શારીરિક તંદુરસ્ત મહિલા પોતાના દીકરા વહુ સાથે આવે છે. મધુકર થોડા ખસીને જગ્યા આપેછે. દીકરા મનોજ સાથે વાત કરતાં જાણવા મળ્યું કે, એ પણ મમી લીનાબેન સાથે પપાના એક વરસ બાદ તર્પણ કરવા આવ્યા છે.

લીનાબેનને વરસો પછી જાણીતો અવાજ સંભળાયો. થોડા વળીને જોયું તો જાણીતો ચહેરો લાગ્યો. નામ યાદ આવતું નહોતું. મધુકરભાઈને બધું યાદ આવ્યું. નજીકના ગામ ગણદેવીથી કોલેજમાં ભણવા આવતી એ જ આ લીના.બંનેએ ખુબ વાતો કરી. હજુ બંને બે દિવસ કાશીમાં રોકાવાના હતા.મો.નં.ની આપ લે થઈ.

બીજે દિવસે સાંજે મધુકરભાઈએ લીનાબેન પાસે કાયમ માટે મિત્ર ભાવે સાથે રહેવાનો પ્રસ્તાવ મૂક્યો. લીનાબેને વિચારીને જણાવવા કહ્યું. લીનાબેને દીકરા વહુ સાથે ઉંડાણથી ચર્ચા કરી.જેનું સુખદ પરિણામ આવ્યું.

સાંજે એજ ઓવારે બધા મળ્યા.

મંગળવારના શુભ દિવસે ગંગામૈયાના ખોળે પાનખરને કૂંપણો ફૂટી. મધુકરભાઈ અને લીનાબેનના જીવનમાં ઢળતી સંધ્યાએ સૂર્યોદય થયો.

વર્ષાબેન દેસાઈ,એડવોકેટ ,વડોદરા.હાલ-સિડની

---

## Nog.ss.no.73

વિષય.પ્રેમ સબંધમાં ચણતર, પ્લાસ્ટરમાં હસ્તાક્ષર.
પ્રકાર.ગદ્ય.
શીર્ષક..પ્રેમમાં લાગણીનું ચણતર.

એક ઘર બનાવવા માટે ઈટો રેતી કપચી સિમેન્ટની જરૂર પડે છે એવુંજ પ્રેમમાં પણ છે એમ લાગણીનું ચણતર કરવું પડે છે,એમ ઈટો તરીકે અહમને મુકવો પડે છે,સિમેન્ટ જેવું મજબૂત બનવું પડે છે,અને કપચી તરીકે આવતા કાંકરાઓ ને નજર અંદાજ કરવા પડે છે,તોજ એકબીજાના પ્રેમનું મંદિર મજબૂત બને છે,અને એમાં થાય છે લાગણીઓના હસ્તાક્ષર,કોઈને પણ પ્રેમ કરો તો દિલથી કરો ,કારણકે
ઈશ્વરે રહદય કોમળ બનાવ્યું છે,કારણકે એ લાગણીની ભાષા સમજે છે,અને એટલેજ લાગણીઓ દુભાય ત્યારે રહદયને ઠેસ પહોંચે છે,
ઘરતો નાનું મોટું બધા બનાવીલે પણ ઘરને ઘર ત્યારેજ કહેવાય જ્યારે એમાં રહેનારી દરેક વ્યક્તિ સુખથી શાંતિથી અને સુમેળથી રહેતી હોય,

ઈટો રેતી કપચીના મકાનની દીવાલોને પણ ચુમવાનું મનથાય જ્યારે એમાં રહેનારી દરેક વ્યક્તિના ચહેરા પર કાયમ હાસ્ય અને પોતાનાંઓથી સંતોષ હોય...સાચા અર્થમાં એ ઘર પ્રેમ અને લાગણીઓ ભરેલું હોય...

નયના પટેલ.નૈન.

---

## NOG ss no.0007

વિષય :પ્રેમ સંબંધમાં ચણતર, પ્લાસ્ટરમાં હસ્તાક્ષર
પ્રકાર : ગદ્ય ટૂંકી વાર્તા
શીર્ષક : રોઝ

બાર વર્ષની રોઝ એનાં મમ્મી-પપ્પા સાથે કેનેડામાં રહેતી હતી.ભણવામાં ખૂબ જ હોંશિયાર, ચબરાક, એનું વાક્ચાતુર્ય ભલભલાને પાણી પીવડાવે એવું,કેનવાસ પર રંગોની એટલી સુંદર કૃતિ રચે કે એ ચિત્ર સજીવન ભાસે.શાળાના ટેલેન્ટ શોમાં રોઝનો ગિટાર સાથે એક લાઈવ કોન્સર્ટ તો હોય જ.પતંગિયા જેવી રોઝ ખળ ખળ વહેતાં ઝરણાં જેવી હતી.જ્યાંથી પણ પસાર થાય ત્યાં એ પોતાનું સંગીત રેલાવતી જાય.એનાં મમ્મી પપ્પા થી લઈને મિત્રવર્તુળ, શાળાના શિક્ષકો બધાંની લાડકી એવી રોઝ છેલ્લાં ઘણાં સમયથી ગુમસુમ થઈ ગઈ હતી.મમ્મી પપ્પા બંને નોકરી કરતાં હોવાથી સવારથી ઘરની બહાર નીકળી જાય.રોઝ ઘરમાં એક કેરટેકર જે જૂની કેરટેકરની બદલીમાં આવી હતી એની સાથે રહેતી હતી.શરૂઆતમાં રોઝના માતા-પિતાને ખ્યાલ જ ન આવ્યો કે દીકરી રોઝ કોઈક મુંઝવણમાં છે.એક દિવસ રોઝના રૂમની સાફસફાઈ કરતાં કરતાં અચાનક એક ચિત્ર રોઝની મમ્મીના હાથમાં આવ્યું.જે જોઈને રોઝના મમ્મી પપ્પા બંને ચોંકી ગયા.ચિત્રમાં રોઝે એક એની જ ઉંમરની છોકરી દોરી હતી.જે અંધારામાં એકલી બેઠી છે. અને એ છોકરીની બાજુમાં તીક્ષ્ણ નહોર વાળી એક સ્ત્રી ટેબલ પર જમવાની થાળી સાથે બેઠી છે. રોઝને ચિત્ર વિશે પૂછતાં શરુઆતમાં તો એણે જવાબ આપવાનું ટાળ્યું.પરંતુ એની મમ્મીએ રોઝને છાતી સરસી ચાંપી ખૂબજ વ્હાલથી એને પૂછ્યું ત્યારે રોઝે જે કહ્યું તે સાંભળીને રોઝના માતા પિતાનાં પગ તળેથી જમીન સરકી ગઈ.રોઝે હકીકત જણાવતાં કહ્યું કે જ્યારે તેઓ કામ પર જતાં રહેતાં પછી જે નવી કેરટેકર સાથે રહેતી હતી તે એની સાથે ખરાબ વર્તન કરતી હતી.રોઝને ડાઇનિંગ ટેબલ પર જમવાનું આપી એ એની સાથે બાજુમાં જ બેસી જતી અને રોઝના શરીર સાથે છેડછાડ કરતી.રોઝ સ્હેજ પણ રડે કે આનાકાની કરે તો એ સ્ત્રી પોતાના હાથની આંગળીઓના મોટાં મોટાં નહોર મારવાંની ધમકી આપતી જેથી રોઝ ડરી જતી.રોઝના માનસ પર એની ઊંડી અસર થઈ.રોઝના માતા-પિતા એ એ કેરટેકરને તો પોલીસના હવાલે કરી દીધી પરંતુ આહત પામેલું રોઝનું મન કેમે કરીને શાંત ન થયું ત્યારે એનાં માતા-પિતા એને લઈને ભારત આવ્યાં.જ્યાં રોઝના દાદાદાદીએ એનાં ઘવાયેલાં મન પર હૂંફ,પ્રેમ અને લાગણીનું પ્લાસ્ટર લગાવ્યું.જેને લીધે રોઝ પાછી ખળ ખળ વહેતાં ઝરણાં જેવી થઈ ગઈ.ગિટારના તારોએ ફરીથી સુરીલા સૂર છેડ્યા.સફેદ રહી ગયેલું કેનવાસ રોઝની પીછીથી પાછું રંગાઈ ગયું.

લેખિકા : આરતી મરચંટ,મુંબઈ : કાંદિવલી

---

## Nog ss. No.106

વિષયઃ- પ્રેમ,સંબંધની દિવાલ પર ચણતર/પ્લાસ્ટર ના હસ્તાક્ષર
શીર્ષક"-"ઝેરને પણ
અમૃત બનાવી દે..,
તેનું નામ પ્રેમ...!"
મુક્તિદા કુમાર. 'રુપલી'

મીરા ઝેરનો પ્યાલો ઘટઘટાવી ગઈ!! અને એ અમૃત બની ગયું! એ તો જગ જાણીતી વાત છે જ..

તમે નક્કી જ કરી લીધું છે કે"દ્રાક્ષ બહુ ખાટી છે! તમે એને ચાખી જ નથી, તો દ્રાક્ષ ગમે તેટલી મીઠી હોય! શું ફરક પડવાનો?
લોખંડના પતરાને ઘાટ આપવો હોય ત્યારે લુહાર એને અગ્નિ ઉપર રાખી ખૂબ ગરમ કરે, પોતાની ધમણથી ખૂબ હવા આપે અને સતત ગરમી માટે અગ્નિને પ્રજ્વલિત રાખે, જેથી પે'લુ પતરું ઠંડું ના પડે! હથોડીથી ટીપે, આકાર આપે..

મનના ભાવનું પણ એવું જ છે. કોઈના ઘેરે જાવ ત્યાં એક મોટો ડાઘિયો કૂતરો હોય,જે પહેલાં તો તમને જોઈને એવો તો ભોંકે કે તમે ડરી જાવ.પણ આ જોઈને કૂતરાનો માલિક કૂતરાને શાંત કરે,થપથપાવે-પટાવે અને છેવટે બાંધી દે! થોડી વાર પછી, એ જ કૂતરો તમને વા'લો થવા માંડે. કારણકે એના માલિકે સમજાવી દીધું કે "આ આપણો માણસ છે." અને તમે પણ એ કૂતરા તરફ વહાલથી(પ્રેમથી) વર્તન કરવા લાગ્યા. તમે તમારા મનમાંથી ભય દૂર કર્યો કે "આ કૂતરો કરડશે તો?"

ઘરની અંદર, નવીવહુ આવે ત્યારે,એને પ્રેમ પૂર્વક આદર-સન્માન મળવાના બદલે "તું જે જગ્યાએથી આવી છો એ તો કચરો જગ્યા હતી. એવું વારે ઘડીએ "વર્તન"થી સાબિત કરવામાં આવે, તો .. એ જે નવી આવેલી "વહુ" છે તે "નવી" જ રહેશે! તેને ક્યારેય સાસરું"પોતાનું" નહિ લાગે.

સરકસમાં ભયંકર સિંહને એના માલિક સામે નાચ નાચતો જોયો છે? માલિક એને માત્ર મારતો જ નથી, એને થાબડે છે, પ્રેમ કરે છે, ખવડાવે છે.

કોઈના મન "હૃદય" સુધી પહોંચવા માટે,હ્રપ્રેમનોભાવહ્ર હોવો બહુ જરૂરી છે.
તમે નક્કી જ કરી લીધું હશે કે "આ તો મારો દુશ્મન છે" તો તમે જાતે જ એના સુધી પહોંચવા માટેના દરવાજા બંધ કરી દીધા છે! તમારો"ભાવ" શું છે? એ બહુજ મહત્વનું છે. કોઈના હૃદય સુધી પહોંચવાનું અઘરું તો જરાય નથી. પણ એ હૃદય સુધી પહોંચવા માટે તમે,જે રસ્તે ચાલ્યા છો,તેને તમે કાંટાળો તો નથી બનાવ્યો ને???

GIVE LOVE RECEIVE LOVE.

મુક્તિદા કુમાર 'રુપલી'

---

## nog ss. no. 106

વિષયઃ- પ્રેમ સંબંધની દિવાલ પરચણતર/પ્લાસ્ટરના હસ્તાક્ષર
શીર્ષકઃ-"માના ધાવણથી અવિરત વહેતા પ્રેમને 'ચણતર'ની જરૂર નથી જ"
મુક્તિદા કુમાર 'રુપલી'

"લાગણીઓના કોઈ ચણતર ના હોય!
ચલન ના હોય,
ત્યાં તો સામા
પડઘાઓથી જ બંધેજ થાય ! એતો નજરથી જ, ભાવથી જ બંધાઈ જાય!
..અ..ને ..
આ "પ્રેમ" એટલે માત્ર 'અખિયાં મિલાને કા રોગ' કે પછી..સંભોગ તો નહિ જ .. અહી તો..'પ્લેટોનિક લવ'ની પણ ગણતરી કરી સંબંધોનું ચણતર કરી શ ક ા ય . ? ? !
મહાબળેશ્વરમાં, એક'પિકનિકપોઈન્ટ'છે, જ્યાં ઊભા રહી,
રાડ પાડીને કશું પણ બોલો તેનો પડઘો પડે! ..
જિંદગીમાં,સંસારમાં પૈસાનો વિનિમય,પડઘો--
સામાન્ય વહેવારમાં ચોક્કસ છે જ છે,અને જરૂરી પણ છે.

પણ વાત જ્યારે લાગણીઓની,પ્રેમની આવે તેમાં પૈસાનો વિનિમય કામ નથી કરતો.કારણ....
અહી લાગણીઓનું બઝાર નથી ભરાતું,
બુધવારે'ગુજરી'પણ નથી ભરાતી..
કે "થાલડાંવાળા'.."એ..ઓયે.. કોઈ..'લાગણી'.
લઈલો.. પ્રેમ લઈ લો..
સવાપાંચ રૂપીયે શેર છે!
લો લઈ લો, લઈલો..
રસ્તેકા માલ સસ્તેમેં.. સાંજનો સમય છે..બોલી શું કરવી'તી.?.જા લઈ જા.. કાઢવાનો ભાવ છે!!"
લાગણી બઝારુ વસ્તુ કે જણસ નથી! કે
એના ભાવ-તાલ હોય? કે એનું બંધારણ હોય?એ તો"ભાવ"છે.
'ભાવના' છે....!
નદીની જેમ વહેતી,એક ધારા છે..
નદીનો પ્રવાહ હંમેશાં દરિયા તરફ જ વહેવાનો,
એવી જ રીતે પ્રેમ!!?.. સંબંધોની દિવાલ પર ચણતર જરૂર છે જ. પણ એના માટે કોઈ કોશીશ કરવાની જરૂર તો નથી જ લાગતી.
"એ તો થઈ જાય છે". અને સંબંધની દિવાલ પર પ્રેમ રૂપી પ્લાસ્ટર બનીને,
સંબંધની દિવાલની ઈંટોને સાંકળી રાખી,
સોનાના અક્ષરે છપાઈ જાય છે.
'સીદીબાઈને સીદકાં વહાલાં!' એ આપણી દૃષ્ટિએ,ગમે તેટલાં કદરૂપાં હોય,પણ એકમેકમાં ખૂબજ પ્રેમ જતાવતાં હોય છે.

LOVE IS BLIND

પ્રેમ જોતો નથી..કે તમે કોણ છો? શું કરો છો ? વગેરે વગેરે.
"ભાવ"(પ્રેમ),સ્વાર્થને આરામથી જોઈ શકતો હોય છે. ત્યારે તે BLIND થવાના બદલે કદૃજિસ્નરીદ્ધ!!! (દૂરંદેશી)થઈ જાય છે.
સાચી લાગણીનું(પ્રેમનું)મૂલ્ય તો,ન જ આંકી શકાય! કે બંધારણ કે ચણતર પણ ના થઈ શકે.!
ચીરહરણ વખતે દ્રૌપદીએ માત્ર આંખ બંધ કરી,અને પ્રિયસખા કૃષ્ણને બોલાવ્યા..એ પુકાર સાંભળવાની પણ રાહ જોવાની જરૂર ના પડી.. અને..
"ચીર પૂરતી" થતી જ રહી.થતી જ રહી.. ત્યારે...
વડીલો,ભીષ્મપિતામહ,
અર્જુન,પાંડવો બધાજ (કહેવાતા સગાઓ અને વડીલો) હાજર હતા!તો અહી માન,મર્યાદા,પ્રેમ અને લાગણી ક્યાં ખોવાઈ ગયાં?(આ સંબંધોનો કેવો પ્રેમ હતો?")
માને"ધાવણ" કેટલા 'રૂપીયે લીટર આપ્યું? આમ બાળક પૂછશે
દાદા/દાદી બાળકને કહેશે? "ત્રણ- કલાક રમાડવાના ત્રણસો રૂપિયા લઈશું?!
માના ધાવણ(પ્રેમ)ની કિંમત તો બાળકની આંખોમાં જ વર્તાય.!!! 'સંબંધ સારા' કરવા પ્રેમ કરવો શક્ય નથી.
પ્રેમ તો બાળકની આંખો જેવો નિખાલસ/નિર્દોષ છે.

મુક્તિદા કુમાર , 'રુપલી'

---

## NOG SS No.0081

પ્રકારઃ ગદ્ય
વિષય :પ્રેમ સંબંધમાં ચણતર, પ્લાસ્ટરમાં હસ્તાક્ષર
શીર્ષક : ભાઈ મોટો કે બહેન!
શબ્દ સંખ્યાઃ૩૪૬

સંબંધ પોતાનાં હોય કે પારકાંની સાથે , એનાં ચણતર પર સ્નેહનાં હસ્તાક્ષર જરૂરી છે.સૌમ્યા મોસાળમાં અને પપ્પાના પરિવારમાં પહેલું સંતાન તેથી ખૂબ લાડ ?પામી.એનાં જન્મ પછી લગભગ નવ વર્ષે જન્મેલો બધાંને વહાલો લાગતો કરન એને પ્રેમમાં ભાગ પડાવનારો લાગતો પણ કરન સૌમ્યા પાછળ દીદી દીદી કહી દોડતો રહેતો .

કરન હવે કિશોર બનતાં દસમા બાદ ભણવા હોસ્ટેલ જવું પડ્યું . મોબાઈલે જીવન સહેલું કરી નાખ્યું હતું એટલે ફોન પર મમ્મી પપ્પા સાથે વાતો કરી લેવાતી પણ દીદી સાથે ભાગ્યે જ વાત થતી.

સૌમ્યાનાં પપ્પાનું અચાનક નિધન બધું હચમચાવી ગયું. ઘરે આવે ત્યારે મમ્મીનાં કહેવાથી સૌમ્યા ઉદાસ કરનને આશ્વાસન આપતી.એવામાં સૌમ્યાનાં લગ્ન લેવાયાં.કરને જવાબદારી સંભાળી લીધી,સજળ નયને દીદીને વળાવતા મમ્મીનું ધ્યાન રાખવાની ખાત્રી આપી.

એકવાર સાસરેથી આવેલ સૌમ્યાએ મમ્મીને પોતાની માટે બનાવેલ વાનગીઓનાં ફોટા પાડવામાં વ્યસ્ત જોઈ. પોતાનાં અનુભવો કહેવા તલપાપડ સૌમ્યા થોડી ચીડથી એની હાલચાલ નીરખી રહી.મમ્મી આ બધી વાનગીઓનાં ફોટા કરનને મોકલી રહી હતી.

જાણવા મળ્યું કે કરનને હોસ્ટેલનું ખાવાનું ભાવતું નહી તેથી રોજ એની ફરમાઈશ પ્રમાણે મમ્મી વાનગીઓ બનાવી ફોટા મોકલતી જેથી કરનને ત્યાં ખાવાનું ગળે ઊતરે.સૌમ્યાને આ બહુ વિચિત્ર લાગ્યું .એણે અશક્ત થયેલી મા પર થતાં આવાં અત્યાચાર માટે કરનને ફોન કર્યો પણ કોલેજમાં હોવાથી રાત્રે ફોન કરવા જણાવ્યું.

રાત્રે કરનનો ફોન ન આવતાં વળી દીદી ઊકળી પડી.એનો ઊભરો શાંત થતાં કરને કહ્યું ," દીદી, તમારાં લગ્ન બાદ મમ્મી સાવ હતાશ થઈ ગયાં હતાં.હું એકાદ વાર આંટો મારવા આવી જાઉં ત્યારે ખુશ , પછી એ જ ગુમસુમ મા.ડોક્ટર સાથે પણ વાત કરી તો કોઈ કારણ ન મળ્યું એમની કૃશ કાયા માટે.એકવાર ઘરકામ કરવા આવતી સરુબાઈ બોલી ગઈ કે ભાભી ખાતી જ નથી ,બસ, તમને યાદ કર્યા કરે છે.તેથી મારે આવી યુક્તિ કરવી પડી.શશશશ..તમે કશું બોલશો નહી દીદી,એ બધું બનાવે છે હોંશે હોંશે અને વચ્ચે વચ્ચે મારો ખાસ દોસ્ત વિકી જઈ એમની સાથે જમી પણ આવે છે હં કે! તમે સાસરે મમ્મીની જરાય ચિંતા ન કરશો. આવતું એક વર્ષ છે પછી તો હું મમ્મી પાસે જ રહીશ."

સૌમ્યા તો ચોધાર આંસુડે રડતી આ વાત સાંભળતી રહી.એના સ્નેહના ચણતરમાં ખામી હતી પણ કરને તો એનાં પર ફરજ અને વહાલનું મજબૂત પ્લાસ્ટર કરી સુખનાં હસ્તાક્ષર કરી દીધાં હતાં.સૌમ્યા મોં ધોઈ આવી મમ્મીને વળગી પડી.

માયા દેસાઈ, મુંબઈ ભારત.

---

## NOG SS NO -0050

પ્રકાર - પદ્ય
વિષય - પ્રેમ સંબંધમાં ચણતર,
પ્લાસ્ટર હસ્તાક્ષર
શીર્ષક - ચણતરનું પહેલું પગથિયું.

જાણે ધરતી ઓઢી હરિયાળી ચુંદડી ચોતરફ જાણે..!
ફૂટી નીકળી એક પ્રેમની કૂપણ
મુંજ હૈયે જાણે...! કેસુડો ફાગ લઈ લહેરાય..!
હૃદય ધબકારા સાથે લાગણીઓ ગોરંભાય છે...!
તુજને પામવાનું હરખ છવાયેલો મુજમાં...!
મને યાદ છે તારી દરેક ગોષ્ઠીઓ..!
તારી આંખલડીમાં મારું મુખડું રમે..!
તમે આવો ત્યારે પગલે પગલે બહાર આવે...!
તારી લાગણીનો અહેસાસ થાય મને ..!
એક મુસ્કુરાહટ પાછળ નું દર્દ સમજ ..!
ઝૂકતી પાંપણ મારી સમજીલેને..!
હૈયાની હેલી વરસી પડી છે..! હજારોની ભીડમાં પણ તું જ યાદ આવે ..! ખુશ થાવું છું છતાં પણ આંખો રડે છે..! મળવું છે, ચાહું છે, હસવું છે...!
મને તો માત્ર તારા સમાવું છે..! કાજલ બની તારા હૃદય રહેવું છે..! તારાં હર હૃદયનાં ધબકારા માં વસવું છે...! તારાં પ્રેમ સંબંધનાં ચણતરનું પહેલું પગથિયું થાવું છે..! પ્રેમની લાગણીઓનો અહેસાસ..!
એક સ્પંદનમાં જાગે તમન્નાઓ તુંજ માટે...!
મારો એક એવો સંબંધ જેમાં સ્વાર્થ નહી પણ પ્રેમ જ પ્રેમ છેને...! મારી ખુલ્લી આંખોથી મળવાનો વાયદો...! કશું જોઈએ છે..! તેવી માંગણી નહી..!
પણ કૂરબાન થવા તારી તમન્નાઓમાં જીવન સાર્થક બનાવું...! ારી ને મારી મમીઠી લાગણીઓ સાથે , પ્રેમનાં ચણતર ચડીએ..!
રાગીની શુક્લ "રાગ",મુંબઈ , કાંદિવલી.

## ગઝલ

નથી બીક લાશો તણી યે અમોને,
ને જીવીત જણની ઘણી યે અમોને.
સદીઓ સુતેલી રહી છે કબરમાં,
ને ચૂંટી ન ક્યારે ખણી યે અમોને.
ભરોસો જગતના જનોનો ન થાયે,
ન જાણે એ નાખે હણી યે અમોને.
એ ધારે દુઃખોના પહાડો તુટે ને,
ના ઈચ્છે ન વાગે કણી યે અમોને.
કે કર્મો જ નડતાં જે કરતાં ડર્યા ના,
બચાવે જ ક્યાંથી ધણી યે અમોને?



રશ્મિ જાગીરદાર

## ખીલી...

નિવૃત્તિના દિવસની આખરી ફરજ પૂરી કરી,
ઘરે પરત ફરી, સંપૂર્ણ થાકી -
હારીને,ચહેરા પર પડેલી કરચલીઓ જેવી જ...
પસીનાથી તરબતર કફનીને, જ્યાં ખીલીએ ટીગાડી...
ત્યાં તો,તેના ચર,વર્ષોથી..જે ભેજ - જામ થઈ કાટ થઈ ગયેલો,
એ પણ,ભીનો થઈ...ટ..પ..કી..પડ્યો.



કવિ યોગેશ ભટ્ટ
(અમદાવાદ)

## દીકરી.....

ખુશ નસીબ છે એ પિતા જેના ઘેર દીકરી છે,
ખુશીઓથી ભરેલો ખજાનો છે જેના ઘેર દીકરી છે.
કરેલા કરમ ફળ્યા જેના ઘેર લક્ષ્મીરુપી અવતરે,
બાપનુ હૈયુ ગદ ગદ ફુલે જેના ઘેર દીકરી હોય.
ચમકતુ રહે છે રોજ નળિયાવાળુ કાચુ મારુ ખોરડુ,
ગૂંજતુ રહે આંગણુ સદાય જેના ઘેર દીકરી હોય.
થાકીને ઘેર આવે બાપ પૂછવાવાળુ ક્યા કો મળે,
રોજ હસતા મુખે આવકારે જેના ઘેર દીકરી હોય.
ચાર આંખે થયા પછી દીકરાઓ ક્યા રહ્યા દીકરાઓ,
ઘડપણમા બાપનો બને સહારો જેના ઘેર દીકરી હોય.



મોજીલો માસ્તર

વૃક્ષોને છે ગગનનો છાંયો
બેસે પોપટ કે હોલો
આપણને શું ફર્ક પડે ?
દરિયાં પાસે મોતીનો ખજાનો
મળે મરજીવાને કે માછલીને
કિનારાને શું ફર્ક પડે ?
ઋતુને છે મોસમનો સહારો
વધે વર્ષા કે ઉષ્મા
પાણીને શું ફર્ક પડે ?
અંધારી રાતને ચાંદનો સથવારો
શોધે ઘુવડ! પ્રકાશ કે સ?વાર
સૂર્યને શું ફર્ક પડે ?
વહેંચાય વ્યાખાન સંભાખંડના ખૂણે,
અજાણ્યો વ્યક્તિ એક આમતેમ ભટકે,
શબ્દોને શું ફર્ક પડે ?



સુકાવ્યા
અમદાવાદ

ગાલગાગા
આપણો આખો મળે સંસાર જૂની ડાયરીમાં.
પાનપાને ફોરમી છે બ્હાર જૂની ડાયરીમાં.
ગમ નથી પાનાં થયાં છે સાવ પીળાંપચ હવે તો,
શુષ્ક ફૂલોએ ભર્યો દરબાર જૂની ડાયરીમાં.
એ જ રુતબો ભાવનો ભારી વચન વૈભવ તણો છે,
ક્યાંક તૂટ્યાં વેણનો બસ ભાર જૂની ડાયરીમાં!
એ મુલાકાતો, મિલન,દીવાનગીની વાત વાંચી,
શાયરીનો શું હતો હુંકાર જૂની ડાયરીમાં!
એક એવી સાંજની ચિતરેલ મેં ઝાંખી ઉદાસી!
રંગ ઝાંખા લઈ મલકતો પ્યાર જૂની ડાયરીમાં!



ગીતા પંડ્યા
(મુંબઈ)



ગજાનન આશ્રમ.માલસર ખાતે નર્મદા અવતરણ દિવસ ની ધામધૂમથી ઉજવણી થઈ.લંડન થી પધારેલ યજમાન હરેશભાઈ વ્યાસ તેમજ દક્ષાબેન વ્યાસ દ્વારા શિવ પૂજન અભશેક અર્ચન વિધિ સંપન્ન કરવામાં આવી આ પ્રસંગે ગુરુજી દ્વારા ઉપસ્થિત રહી આખો કાર્યક્રમ સંપન્ન થયો.

### પ્રકૃતિની રક્ષા સાથે ખેતી અને ખેડૂતોની સમૃદ્ધિ માટે પ્રાકૃતિક કૃષિ એ આજના સમયની માંગ – રાજ્યપાલશ્રી


# અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લિ. દ્વારા આયોજીત પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા રાજ્યપાલશ્રીનું માર્ગદર્શન

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લિ. દ્વારા આયોજીત પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ જણાવ્યુ હતું કે, પ્રકૃતિની રક્ષા સાથે ખેતી અને ખેડૂતોની સમૃદ્ધિ માટે પ્રાકૃતિક કૃષિ એ આજના સમયની માંગ છે.

અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લિ. સાથે એક લાખથી વધુ ખેડૂતો જોડાયેલા છે. બેંકના કાર્યક્ષેત્રના વિસ્તારમાંથી દસક્રોઇ, ગાંધીનગર અને દેહગામ એમ ત્રણ તાલુકાના ખેડૂતો માટે બેંક દ્વારા પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યશાળામાં ઉપસ્થિત ખેડૂતોને સંબોધતા રાજ્યપાલશ્રીએ જણાવ્યુ હતું કે, ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેંદ્રિય ગૃહ અને સહકાર વિભાગના મંત્રી શ્રી અમિતભાઈ શાહ દેશભરના ખેડૂતોની સમૃદ્ધિ માટે સતત પ્રયાસરત છે. તેમણે ખેડૂતો અને ખેતીને આત્મનિર્ભર બનાવવાના સંકલ્પ સાથે ખેડૂતોને રાસાયણિક કૃષિના દુષ્પરિણામોથી મુક્તિ મેળવી પ્રાકૃતિક કૃષિ અપનાવવા અનુરોધ કર્યો છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યુ હતુ કે, રાસાયણિક કૃષિમાં ખાતરો અને જંતુનાશક દવાઓના અંધાધૂંધ ઉપયોગને કારણે ખેતી લાયક જમીન પોતાની ફળદ્રુપતા ગુમાવી રહી છે. એટલું જ નહીં પાણી અને પર્યાવરણ પણ દુષિત થાય છે. ખાદ્યાન્નોમાં રસાયણો ભળવાને કારણે લોકો કેંસર, ડાયાબિટિસ અને હૃદયરોગ જેવી અસાધ્ય બિમારીનો ભોગ બની રહ્યા છે. કૃષિ ખર્ચ વધતો રહ્યો છે અને ઉત્પાદન દિન-પ્રતિદિન ઘટતુ રહ્યુ છે, જેથી ખેડૂતોની આર્થિક સ્થિતિ કથળી રહી છે, આ તમામ સમસ્યાનો ઉકેલ પ્રાકૃતિક કૃષિ દ્વારા મળી શકે છે, કારણ કે, આ કૃષિ પદ્ધતિમાં એક દેશી ગાયની મદદથી ૩૦ એકર ભૂમિમાં પ્રાકૃતિક કૃષિ થઈ શકે છે.

રાજ્યપાલશ્રીએ દેશી ગાયના છાણ અને ગૌ-મૂત્રમાંથી બનતા જીવામૃત અને ઘનજીવામૃતની ઉપયોગિતા દર્શાવી પ્રાકૃતિક ખેતીના બીજામૃત, જીવામૃત-ઘનજીવામૃત, આચ્છાદન અને વાપ્સાના મહત્વને સમજાવ્યું હતું. તેમણે જણાવ્યુ હતું કે, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી અળસિયાં જેવા મિત્ર-જીવોની વૃદ્ધિ થાય છે અને સરવાળે જમીનની ફળદ્રુપતા વધે છે. પ્રાકૃતિક કૃષિથી પાણીની પચાસ



ટકા જેવી બચત થાય છે. રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત ખેડૂતોને પ્રશિક્ષણ દ્વારા માસ્ટર ટ્રેનર બની અન્ય ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે પ્રેરિત કરવા પણ અનુરોધ કર્યો હતો. આ તાલીમ કાર્યશાળામાં સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ ગુજરાત પ્રદેશના શ્રી દિક્ષિતભાઈ પટેલે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે પ્રશિક્ષણ આપ્યુ હતું. આ પ્રસંગે અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંકના સી.ઇ.ઓ શ્રી એમ. એમ. બહેરિયા, ગુજરાત સ્ટેટ કો-ઓપેરટિવ બેંકના સી.ઈ.ઓ. શ્રી પ્રદીપભાઈ વોરા, જનરલ મેનેજર શ્રી મનોજભાઈ પટેલ સહિત મહાનુભાવો અને પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ જિલ્લા પંચાયત ખાતે સદગત સન્માન સેવા યોજના અંતર્ગત લાભાર્થીઓએ સહાય વિતરણ કરવામા આવી



અમદાવાદ જિલ્લા પંચાયત ખાતે સદગત સન્માન સેવા યોજના અંતર્ગત લાભાર્થીઓને સહાય વિતરણ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલિયા અને જિલ્લા પ્રમુખ શ્રીમતી પારૂબહેન પઢારની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ૫૫ લાભાર્થીઓને મંજૂરીપત્રો વિતરણ કરવામાં આવ્યા.આ કાર્યક્રમ અંતર્ગત લાભાર્થી દીઠ એક લાખ રૂપિયા લેખે રૂ. ૫૫ લાખના મંજૂરીપત્રોનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

આ સહાય વિતરણ કાર્યક્રમમાં મહેસુલ શાખાની સ્વભંડોળ સહાય હેઠળ રૂ. ૯ લાખ, ખેતીવાડી શાખાની ખેડૂત અકસ્માત મૃત્યુ સહાય યોજનામાં રુ. ૨૬ લાખના મંજૂરીપત્રો અપાયા હતા. આ ઉપરાંત સમાજ કલ્યાણ શાખની સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના( અંત્યેષ્ઠી સહાય) હેઠળ ૧૦ લાભાર્થીઓને રૂ. ૫ હજાર લેખે ૫૦ હજારના મંજૂરીપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે લાભાર્થીઓને મરણોત્તર સહાય યોજનાનો લાભ મળી રહે તે માટે જિલ્લા કક્ષાએ કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટી યોજનાના અસરકારક અમલીકરણ માટે સતત મોનીટરીંગ કરે છે. મહત્વની બાબત એ પણ છે કે અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલિયાએ યોજનાના અસરકારક અમલીકરણ માટે સંલગ્ન અધિકારી અને કર્મચારીઓને ઓગસ્ટ, ૨૦૨૧માં વિશેષ તાલીમ પણ આપી હતી.

મહત્વની બાબત એ છે કે રાજ્ય સરકારે વિવિધ વિભાગની મરણોત્તર સહાય યોજનાઓનો થકી મૃતકના પરિવારજનોને સમયસર આર્થિક સહાય મળે અને તેમનું પરિવાર આર્થિક રીતે આત્મનિર્ભર થઈ શકે તે દિશામાં ગંભીરતાપૂર્વક પ્રયાસો હાથ ધર્યા છે. મરણોત્તર સહાય વિતરણના કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ, અધિકારીગણ/કર્મચારીગણ અને લાભાર્થીના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

### કોરોનાની વિષમ પરિસ્થિતિઓ વચ્ચે "ટીમ સિવિલની સેવાની શતાબ્દી"

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૨૪ કલાકમાં બે બ્રેઈનડેડ વ્યક્તિઓના પ્રેરણારૂપ અંગદાન

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અંગદાન ક્ષેત્રે ×સેવાની શતાબ્દી× થઇ છે. ડિસેમ્બર ૨૦૨૧ થી શરૂ થયેલ અંગદાનને ૧૩ મહિના પૂર્ણ થયા.આ સમયગાળામાં સિવિલ હોસ્પિટલમાં ૩૪ વ્યક્તિઓના અંગદાનમાં સફળતા મળી છે. જેના થકી ૧૦૫ અંગો મળ્યા જેણે ૯૦ લોકોને નવજીવન આપ્યું.

આ ૧૦૫ અંગોમાં ૫૧ કિડની, ૨૯ લીવર, ૫ સ્વાદુપિંડ ૬ હ્રદય , ૨ હાથ અને ૬ જોડ ફેફસાનો સમાવેશ થાય છે. આ અતિમહત્વના અંગો થકી વર્ષોથી અંગોની ખામીથી પીડામય અને સંઘર્ષપૂર્ણ જીવન વ્યતિત કરી રહેલા જરૂરિયાતમંદ દર્દીઓની જીવનશૈલી બદલાઇ છે અને વર્ષોની પીડાનો અંત આવ્યો છે. અત્રે મહત્વની વાત એ છે કે, છેલ્લા ૨૪ કલાકમાં સિવિલ હોસ્પિટલમાં ૨ બ્રેઈન ડેડ વ્યક્તિઓના અંગદાન મેળવવામાં સફળતા મળી છે.

ક્રમશ વિગતો જોઈએ તો, દાહોદના ૩૦ વર્ષીય ચીમનભાઇ બારીયાનું ૩૦ મી જાન્યુઆરીએ અકસ્માત થતા પ્રાથમિક સારવાર અર્થે દાહોદની ખાનગી હોસ્પિટલમાં અને ત્યારબાદ ૩૧ મી જાન્યુઆરીએ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા . જ્યા સારવાર દરમિયાન ૨ જી ફેબ્રુઆરીના રોજ તેઓ બ્રેઇન ડેડ જાહેર થતા સિવિલ હોસ્પિટલની SOTTOની ટીમ દ્વારા પરિવારજનોને અંગદાન માટેની પ્રેરણા આપવામાં આવી. બ્રેઈનડેડ ચીમનભાઈની બંને કિડની અને લીવર મેળવવામાં સફળતા મળી છે.

૩૪ માં અંગદાનમાં ૬૧ની વયના અશોકભાઇ મારૂ ને ૨ જી ફેબ્રુઆરીએ ઘરે ઢળી પડતા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા. ત્યારબાદ સ્થિતિ વણસતા સિવિલ હોસ્પિટલમા ૨ જી ફેબ્રુઆરીના રોજ સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા. જ્યાં સારવાર દરમિયાન ૪ થી ફેબ્રુઆરીના રોજ બ્રેઈનડેડ જાહેર થતા પરિવારજનોને અંગદાનનો નિર્ણય હાથ ધર્યો.

સિવિલ હોસ્પિટલની ર્જૂની ટીમ દ્વારા અશોકભાઇના અંગોને રીટ્રાઇવ કરતા બંને કિડની અને લીવર નું દાન મેળવવામાં સફળતા મળી. આ અગાઉ અમદાવાદના ૪૧ વર્ષીય મનહરભાઇ ડાભીનું ધોળકામાં અકસ્માત થતા તેઓને પણ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. તેઓ બ્રેઈનડેડ થતા તેમના પરિવારજનોએ અંગદાન માટે સંમતિ આપતા બંને કિડનીનું દાન મેળવવામાં સફળતા મળી હતી.

સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષી જણાવે છે કે, મૃત્યુ બાદ શરીર પંચમહાભૂતમાં વિલિન થઇ જાય તેના કરતા કોઇ જરૂરિયાતમંદને અંગો ઉપયોગી થાય અને જીવનમાં બદલાવ લાવવામાં મદદરૂપ બને તે માટે અંગદાન જરૂરી છે. અમારી SOTTOની ટીમ દ્વારા હોસ્પિટલમાં બ્રેઈનડેડ થતા પરિવારજનોને અંગદાનનું મહત્વ સમજાવીને અંગદાન માટે પ્રેરવામાં આવે છે. દિવસ-રાત રાઉન્ડ ધ ક્લોક કામગીરી કરી રહેલી અમારી ટીમના અથાગ પરિશ્રમોના પરિણામે જ કોરોનાની વિષમ પરિસ્થિતિઓ વચ્ચે પણ ૧૩ મહિનાના ટૂંકા ગાળામાં ૧૦૫ અંગદાનની અપ્રતિમ સફળતા મળી છે. રાજ્યમાં અંગોનું વેઈટીંગ ઘટે જીવંત વ્યક્તિને અંગદાન કરવાની જરૂર પડે નહીં, બ્રેઈનડેડ વ્યક્તિઓના પરિવારજનો અંગદાન માટે પ્રેરાય તે ઉમદા હેતુથી સિવિલ હોસ્પિટલની સમગ્ર ટીમે અંગદાન માટેનો સેવાયજ્ઞ આદર્યો છે. રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલના સતત માર્ગદર્શન અને રાજ્ય આરોગ્ય વિભાગના સહયોગથી સિવિલ હોસ્પિટલમાં અંગદાન ક્ષેત્રે સેવાની શતાબ્દી પૂર્ણ થઇ છે.

..-અમિતસિંહ ચૌહાણ

# અમેરીકાના કેલિફોર્નિયા સ્થિત શ્રીનાથજી હવેલીમાં વસંત પંચમીની ઊજવણી



'વૈષ્ણવ સમાજ ઑફ સધર્ન કેલિફોર્નિયા'(VSOSC) સંચાલિત ઑરેન્જ કાઉન્ટીના અર્વાઈન સીટી ખાતે આવેલ શ્રીનાથજી હવેલીમાં શનિવાર, ફેબ્રુઆરી-૦૫ નારોજ બપોરના રાજભોગ દર્શન સમયે બપોરના ૧૨ થી ૦૧ સુધી રાજભોગ દર્શન તથા આરતી વગેરે બાદ મોટી સંખ્યામાં ઉપસ્થિત વૈષ્ણવોની હાજરીમાં વસંત પંચમીની ઉજવણી કરવામાં આવી હતી.

મુખિયાજી શ્રી પંકજ વ્યાસજીએ વસંતપંચમીની પૂજા-અર્ચના કરી હતી તથા

મુખિયાનીજી નેહાબેન વ્યાસ અને પુનિત વ્યાસે આજથી શરૂ થતા હોલી ઉત્સવને અનુરૂપ ગીતો ગાયાં હતાં.

હાજર તમામ બહેનોએ ઉમંગપૂર્વક ગરબા ગાયા હતા. જેમાં હંસાબેન પટેલ, જાગૃતિ સોની, વરદા પટેલ તથા શીતલ શાહ મુખ્ય હતા.

આ સાથે જ હવેલીના કાર્યકર શ્રી દિપક પારેખ તથા નીતાબેન પારેખના જન્મદિવસો નિમિત્તે શ્રીજીને રાજભોગ ધરાવવામાં આવ્યો હતો.

મોટી સંખ્યામાં ઉપસ્થિત તમામ વૈષ્ણવોએ વિશાળ સાંસ્કૃતિક હોલમાં બન્નેને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. જેમાં હવેલીના મુખિયાજી પંકજ વ્યાસજી, શ્રી નરેન પટેલ, શ્રીમતિ હંસાબેન, હિતેશ હાંસલિયા,ગુણવંત પટેલ વગેરેએ દિપકભાઈ પારેખ તથા નીતાબેન પારેખને જન્મદિવસની શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

તેઓ બન્ને તરફથી તમામ વૈષ્ણવો માટે બપોરના સુંદર ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

દીપક પારેખ તથા નીતાબેન પારેખનો ખૂબ ખૂબ આભાર.

( માહિતી:- ગુણવંતભાઈ પટેલ અને તસ્વિર:- કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )


# સમસ્ત મહાજન દ્વારા મહારાષ્ટ્રની ૯ સંસ્થાઓને ૮ લાખનું દાન અપાયું.

રદુ:ખે ઉપકાર કરવો એ માનવ જીવનને સાર્થક કરવાની પહેલી શરત છે. સમસ્ત મહાજનનાં અગણિત સેવાકાર્યનાં પાયામાં આ શુધ્ધ ભાવના, ગુરૂદેવોની પરમ કૃપા, સાધુ-સાધ્વી ભગવંતોનાં આશીર્વાદ તથા માર્ગદર્શન, દાતાઓનો સબળ સાથ અને ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓનો સેવા કરવાનો અખૂટ ઉત્સાહ સમાયાં છે. કોરોના વાઈરસે સર્જેલી અકલ્પનીય પરિસ્થિતિ અને લોકડાઉનથી લઈને હમણાંનાં અનલોકનાં સમય સુધી સમસ્ત મહાજને જે સુકૃતો કર્યા છે એ અસાધારણ અને ખરા અર્થમાં અનુમોદનીય છે. સમસ્ત મહાજનનાં નામથી આખો દેશ પરિચિત છે. સેવાની વાત આવે, પરોપકારની વાત આવે કે વાત આવે અનુકંપા અને જીવદયાની, સમસ્ત મહાજન દરેક મોરચે ઉત્કૃષ્ટ કાર્યો કરતી આશીર્વાદરૂપ સંસ્થા બની છે.


સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી ગિરીશ જયંતિલાલ શાહે જણાવ્યું કે હાલ મહારાષ્ટ્રના ૧,૦૦૦ થી વધુ પાંજરાપોળને સરકાર તરફથી કોઈ મદદ મળી નથી રહી. આ મામલે તેઓ મહારાષ્ટ્રના પશુપાલન મંત્રીને મળ્યા હતા. આ અંગેની માહિતી પણ આપવામાં આવી હતી. તેઓએ જણાવ્યું કે, જ્યાં સુધી સરકાર કંઈક નિર્ણય ન લે ત્યાં સુધી સામાજિક સંસ્થાઓએ જાગૃત થઈને આ સંસ્થાઓમાં આશ્રિત અબોલ પશુધનને બચાવવા માટે વિચારવું જોઈએ. પશુ દૂધ આપે કે ન આપે, ઓછામાં ઓછું ગોબર અને ગૌમૂત્ર તો આપે છે. સમસ્ત મહાજન દ્વારા મહારાષ્ટ્રની ૯ સંસ્થાઓને ૮ લાખનું દાન અપાયુ છે. ગિરીશભાઈ શાહે જણાવ્યું કે, આપણે જાણીએ છીએ કે આજે ઓર્ગેનિક ફાર્મિંગની કેટલી જરૂર છે. દૂધ માટે પશુપાલનનો વિકાસ થયો, જેના કારણે ગાયોની સાથે બળદની સંખ્યા પણ વધી, ખેતીમાં ખેડાણ બંધ થઈ ગયું અને પ્રદૂષિત ટ્રેક્ટર આવ્યા. પરિવહનમાં, કાર્બન ડાયોક્સાઇડ છોડતી ટ્રકો દ્વારા બળદગાડાની જગ્યા લેવામાં આવી અને બળદનું કામ હંમેશ માટે લુપ્ત થઈ ગયું. તેથી તેની હત્યા વધી છે જેને અટકાવવી પડશે. આ કામ ત્યારે જ સફળ થશે જ્યારે ફરીથી દેશી પશુનો ઉપયોગ થશે. આજે પર્યાવરણીય પ્રદૂષણની સમસ્યા એટલી ઊંડી થઈ ગઈ છે કે લોકો માટે સ્વસ્થ રહેવું મુશ્કેલ બની ગયું છે. ગિરીશભાઈ શાહે જણાવ્યું કે સમસ્ત મહાજન વતી રૂ.૧,૫૦,૦૦૦/- શ્રી ગોપાલ કૃષ્ણ ગૌરક્ષા ચેરીટેબલ ટ્રસ્ટ આસોલી, યવતમાલ, રૂ. ૧,૫૦,૦૦૦/- સર્વોદય ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ, વર્ધા, રૂ.૧,૦૦,૦૦૦/- શ્રી ગૌરક્ષણ સંસ્થા, યવતમાલ, રૂ.૧,૦૮,૦૦૦/- ગોપાલ કૃષ્ણ ગોરક્ષા સંસ્થા, જલગાંવ-જમોદ, બુલઢાના; રૂ.૭૦,૦૦૦/- બાલયોગી સંતશ્રી મંગલમાતા ચેરીટેબલ ટ્રસ્ટ-પિંપરી-તલેગાંવ મોહના, રૂ. ૫૪,૦૦૦/- ભારતીય ઉત્કર્ષ મંડળ ગૌશાળા સમિતિ- ખાપરી, રૂ. ૨૫,૦૦૦/- વિશ્વેશ્વર અધ્યાત્મ પીઠ ક્ષેત્ર-રેવાસા, રૂ. ૨૫,૦૦૦/- શ્રી કૃષ્ણ ગૌશાળા- તુમસર, રૂ. ૨૫,૦૦૦/- સોસાયટી ઓફ અન્ડરસ્ટેન્ડિંગ દેવગાંવ તરફથી પ્રાપ્ત થયું છે. ગિરીશભાઈ શાહ , સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી તમામ દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.




શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજયકક્ષા(માતૃ સંસ્થા) માં પૂર્વ પ્રમુખ મહેશ મહેતા સવાર કિન્નરી લતાજી ને શ્રધ્ધાંજલી આપતા કહ્યું કે ગુજરાત સાથે લતાજી નો ગુજરાતી માતા ના કુખે જન્મ લેનાર તરીકે જુદો નાતો હતો.લતાજી એ ભાવી પેઢી ને બાલ્યા અવસ્થા,યુવા અવસ્થામાં અને વૃદ્ધા અવસ્થા ને અનુલક્ષી ને ગીતો ગાઈ સુંદર આયના રૂપી દૃષ્ટાંત આપ્યું છે..જ્યારે ગુજરાત ના ગાયક મહેશ કનોડિયા દ્વારા મો.રફી અને લતાજી બંને ના અવાજ માં ગીતો ગાઈ ને તેમને મંત્ર મુગ્ધ કરી દીધા હતા.આમ ગુજરાત નું ગૌરવ સમાન સુમધુર ગીતોની રાણી ગુમાવ્યા નું ખૂબ દુઃખ છે. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજયકક્ષા (માતૃ સંસ્થા) પદાધિકારીઓ સહિત ઊંડા દુઃખ ની લાગણી વ્યક્ત કરી શ્રધ્ધાંજલી પાઠવે છે




અંતે GPSC ચેરમેન અસિત વોરાનું પેપર કૌભાંડ માં વિવાદાસ્પદ બનતા રાજીનામું.....તપાસ માં દોશી જાહેર થયા કે કરવામાં આવ્યા ?..કમલમ માં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા પ્રેસ માં નિવેદન કરવામાં આવ્યું હતું કે કોઈપણ ચમરબંધી ને છોડવામાં નહિ આવે..બંને મહાનુભાવો પરિણામ લાવ્યા ખરા..



ગાંધીનગર જિલ્લા પંચાયત તેમજ ગાંધીનગર કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ પૂજ્ય શ્રી જશુભા રાણા નું આજ રોજ દુઃખદ અવસાન થયું છે સમાચાર સાભળી હુ ખુબ દુખી છું .....પ્રભુ તેમના આત્મા ને શાંતિઆપે અને કુટુંબ ને દુખ સહન કરવાની શક્તિ આપે.

# મહાત્મા ગાંધી આત્મહત્યા નિવારણ કેન્દ્ર ની શરૂઆત ગાંધીનગર ખાતે થઈ




મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર ના પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા છેલ્લા બાર વર્ષ થી વ્યંસન મુક્તિ કાર્યક્રમ સ્કૂલ કોલેજ ખાતે આયોજિત કરવામાં આવે છે. તેઓ એ ૩૫૦ થી વધુ વયસન મુક્તિ કાર્યક્રમો સ્કૂલ કોલેજો માં યોજયા છે અને વિધાર્થીઓ માં જાગૃતિ લાવવા નું સુંદર કાર્ય તેઓ કરી રહ્યા છે. તેઓ વિદ્યાર્થી ઓ માટે બીજો એક પ્રોજેક્ટ લઈ આવ્યા છે.

હાલ ના સંજોગો માં વિદ્યાર્થીઓ એટલે કે યુવાઓ માં આત્મહત્યા નું પ્રમાણ વધુ જોવા મળે છે. ગુજરાત માં ૧૫ થી ૨૯ વર્ષ ના યુવાનો સૌથી વધુ આત્મહત્યા કરે છે. નેસનલ ક્રાઈમ બ્યૂરો ના રેકર્ડ મુજબ પરીક્ષા માં નાપાસ થવાથી ૨૦૧૩ માં ૧૧૭ વિધાર્થીઓ એ આત્મહત્યા કરી હતી. ગુજરાત માં ૧૫ થી ૨૯ વર્ષ ના કુલ ૭૧૬૬ યુવાઓ એ આત્મહત્યા કરી લીધી છે. યુવાઓ માં આત્મહત્યા નું કારણ પરીક્ષામાં નાપાસ થવા થી અથવા પરીક્ષા માં નાપાસ થવાની બીકે આત્મહત્યા કરતા હોય છે. યુવાઓ ની માનસિક પરિસ્થિતિ ભાગ ભજવતી હોય છે.

વિશ્વ માં દર ૪૦ સેકન્ડ માં આત્મહત્યા થી એક વ્યક્તિ મૃત્યુ પામે છે. વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ વિશ્વ માં ૨૦૧૩ થી ૧૦ સપ્ટેમ્બર ના રોજ ઉજવવામાં આવે છે. દર વર્ષે ૮ લાખ જેટલા મોત આપઘાત થી થાય છે. જે પૈકી ૧૭ %ભારત મા ૧.૩૫ લાખ, છે. આપઘાત કરી બચી જનાર લોકો ની સંખ્યા ૨૫ ગણી છે. ૧૫ થી ૨૪ વર્ષ ના યુવાનો આપઘાત કરવામાં પ્રથમ ક્રમે છે.રોડ પર ના અકસ્માત બીજા ક્રમે છ.ઝેરી પદાર્થો ના સેવન થી મૃત્યુ પામનાર ત્રીજા ક્રમે છે.મહાત્મા ગાંધી આત્મહત્યા નિવારણ કેન્દ્ર નો નંબર ૮૮૪૯૭૯૪૩૭૭.આપ ને કે આપના કોઈ મિત્ર અથવા સગા સંબંધી ને આત્મહત્યા ના વિચારો આવતા હોય તો આપ સહાયતા મેળવી શકો છો.

ડૉ ગુલાબચંદ પટેલ

અધ્યક્ષ મહાત્મા ગાંધી આત્મહત્યા નિવારણ કેન્દ્ર, ગાંધીનગર Mo 8849794377

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.